Wednesday 08, July 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૦૫૩ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## મધુબનમાંથી ૧ લાખ ક્યુસેક પાણી છોડાશે : ૬ દરવાજા ખોલાયા




### દમણગંગા નદી કાંઠાના ગામોમાં એલર્ટ, નદી નજીક ન જવા તંત્રની અપીલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** મધુબન ડેમના ઉપરવાસમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ પડતાં ડેમમાં ઉપરવાસમાંથી પાણીની આવકમાં વધારો થયો છે અને પાણીનો આવરો ૫૪,૪૧૪ ક્યુસેક નોંધાયો છે. જ્યારે ડેમ આઉટ ફ્લો ૪૭,૧૯૮ ક્યુસેક નોંધાયો છે. આશરે ૭૫ હજાર પાણીની સતત વધતી આવકને ધ્યાનમાં રાખી ડેમમાંથી દમણગંગા નદીમાં રાત્રે ૧૧.૩૦ કલાકે તબક્કાવાર રીતે ૧ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવશે એવું દમણગંગા પ્રોજેક્ટ સર્કલ દ્વારા જણાવવામાં આવ્યું છે હાલમાં ડેમની સપાટી ૭૯.૮૬ મીટરની છે. અને સપાટીને ૭૨.૭૦ મીટરના સ્તરે જાળવી રાખવા ડેમના ૬ દરવાજા દોઢ મીટર સુધી ખોલવામાં આવ્યા છે. ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડાતા દમણગંગા નદીનું જળસ્તર વધવાની શક્યતા હોવાથી તેમજ દમણગંગા નદી બંને કાંઠે વહેતી જોવા મળી છે.

જેને લઈ વહીવટી તંત્ર દ્વારા દાદરા અને નગર હવેલી, ગુજરાતના ઉમરગામ તાલુકા તેમજ વાપી મહાનગરપાલિકા હદમાં આવેલા નદીકાંઠાના ગામોને સાવચેત રહેવા માટે સૂચના આપવામાં આવી છે. વહીવટી તંત્રએ નદી કિનારે વસતા લોકોને સાવચેતી રાખવા, નદીમાં કે નદીના કિનારે જવાનું ટાળવા તેમજ પશુધનને પણ સુરક્ષિત સ્થળે ખસેડવાની અપીલ કરી છે. તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારો પર સતત નજર રાખવામાં આવી રહી છે અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે. નાગરિકોને અફવાઓથી દૂર રહી માત્ર તંત્ર દ્વારા આપવામાં આવતી સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અને આપત્તિના સમયે વાપી મનપાના કન્ટ્રોલરૂમના ફોન નં. ૦૨૬૦ - ૨૯૭૬૪૮૦ નો સંપર્ક કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

## મધુબનમાં જીતુભાઈએ નવા નીરના વધામણાં કર્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીવલ તા.૦૭ :** દમણગંગા જળાશય યોજના હેઠળ આવેલા મધુબન ડેમમાં નવા નીરની આવક શરૂ થતાં આનંદનો માહોલ સર્જાયો છે.

આ અવસરે કપરાડા વિધાનસભાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ મધુબન ડેમ ખાતે નવા નીરના વધામણાં કરી પ્રકૃતિપ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. ધારાસભ્યએ મધુબન ડેમના કંટ્રોલ રૂમની મુલાકાત પણ લઈ અધિકારીઓ પાસેથી વિવિધ માહિતી પ્રાપ્ત કરી હતી અને માર્ગદર્શન આપ્યું હતું. મધુબન ડેમમાં નવા નીરની આવકથી સમગ્ર વિસ્તારમાં ચોમાસાના આગમનનો ઉત્સાહ વધુ ગાઢ બન્યો છે.

ભારે વરસાદના સંજોગોને કારણે

## વલસાડ જિલ્લામાં તમામ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવા આદેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદની આગાહી અને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વલસાડ જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીની સૂચના અનુસાર, આવતીકાલે એટલે કે ૮ જુલાઈ ૨૦૨૬ બુધવાર ના રોજ જિલ્લાની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવા અને રજા જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી વલસાડ દ્વારા બહાર પાડવામાં આવેલા સત્તાવાર પરિપત્ર મુજબ, અતિભારે વરસાદના કારણે સર્જાતી વાહનવ્યવહારની મુશ્કેલીઓ તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાની સ્થિતિને કારણે બાળકોની સુરક્ષાને સર્વોચ્ચ અગ્રિમતા આપવામાં આવી છે. આંગણવાડીઓ, પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ, કોલેજો, આઈ.ટી.આઈ. આ તમામ સંસ્થાઓમાં આવતીકાલે સત્તાવાર રજા રહેશે.પરિપત્રમાં વધુમાં જણાવાયું છે કે, રજા દરમિયાન બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે શાળાઓ દ્વારા જો શક્ય હોય તો ઓનલાઈન માધ્યમથી અથવા અન્ય વૈકલ્પિક ઓનલાઈન શિક્ષણની વ્યવસ્થા કરી બાળકોનો અભ્યાસ ચાલુ રાખવાનો રહેશે. તંત્ર દ્વારા તમામ આચાર્યો અને મુખ્ય શિક્ષકોને આ હુકમનું ચુસ્તપણે પાલન કરવા અને આ બાબતે કોઈપણ પ્રકારની બેદરકારી ન રાખવા કડક સૂચના આપવામાં આવી છે.

## બીજા દિવસે પણ ટ્રેન વ્યવહારને અસર

### સૂર્યનગરી અને વંદે ભારત વાપી ખાતે શોર્ટ ટર્મિનેટ : વાપીથી બોરીવલી ૭ બસો દોડાવાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** ભારે વરસાદને કારણે પશ્ચિમ રેલવેનું ટ્રેન સંચાલન પ્રભાવિત થતાં સૂર્યનગરી એક્સપ્રેસ અને વંદે ભારત એક્સપ્રેસને વાપી રેલવે સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી હતી. મુસાફરોને તેમના ગંતવ્ય સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા માટે રેલવે તંત્ર દ્વારા વાપીથી બોરીવલી (મુંબઈ) સુધી કુલ ૭ બસોની તાત્કાલિક વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન વાપી GRPના ઈન્સ્પેક્ટર આશિષ તિવારી, ઉપ નિરીક્ષક વિજય રાય, એએસઆઈ ગિરધારીલાલ તથા સ્ટાફ, GRP અને રેલવેના કોમર્શિયલ વિભાગના અધિકારીઓ તથા કર્મચારીઓએ સંયુક્ત રીતે મુસાફરોને માર્ગદર્શન આપ્યું હતું. બસો સુધી સુરક્ષિત રીતે પહોંચાડવા, ભીડનું સુચારુ નિયંત્રણ, સામાન સાથે સહાયતા તેમજ વ્યવસ્થિત બોર્ડિંગ કરી આપવામાં આવ્યું હતું.

વરસાદને કારણે વલસાડની ઔરંગાની સપાટી વધતા વલસાડ-ખેરગામ રોડ પણ બંધ

## વલસાડ જિલ્લામાં ૧૩૩ રસ્તા બંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડ જિલ્લામાં ગઈકાલે રાત્રેથી મુશળધાર વરસાદ પડતા નેશનલ હાઈવે ૪૮ પર હાઈવે તેમજ સર્વિસ રોડ પર પાણીનો ભરાવો થતા હાઈવે રોડ નદીમાં પરિવર્તન થયું હોય તેવા દ્રશ્ય જોવા મળ્યા હતા. જિલ્લામાં મુશળધાર વરસાદના પગલે જિલ્લાના ૧૩૩ જેટલા રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. બપોરે ઓરંગા નદીની સપાટી વધતા વલસાડ-ખેરગામ રોડ બંધ કરી દેવામાં આવ્યો હતો.

વલસાડ જિલ્લામાં ગઈકાલે સોમવારે સાંજે ૬ વાગ્યાથી મંગળવારે સવારે ૬ વાગ્યા સુધીમાં ૧૨ કલાકમાં વલસાડ ત્રણ ઈંચ ધરમપુર બે ઈંચ પારડી બે ઈંચ, કપરાડા ત્રણ ઈંચ, ઉમરગામ ત્રણ ઈંચ, વાપી પાંચ ઈંચ અને નાનાપોંઢા ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ગઈકાલે રાત્રે થી જિલ્લામાં ભારે વરસાદના પગલે કપરાડાના ૩૬ રસ્તા, ધરમપુરમાં ૧૨, પારડીમાં ૩૧, નાનાપોન્ડામાં ૨૦, ઉમરગામમાં ૯ અને વલસાડમાં ૨૬ રસ્તા મળી કુલ ૧૩૩ જેટલા રસ્તા બંધ કરી દેવામાં આવ્યા છે. આજે જિલ્લામાં ભારે વરસાદના પગલે શહેરની તમામ શાળા કોલેજ ની જાહેર રજા આપવામાં આવી હતી. શહેરના નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર બન્યા હતા.

રાબેતા મુજબ વલસાડનું મોગરાવાડી અને છીપવાડ રેલવે ગરનાળુ પાણી ભરાતા બંધ કરી દેવામાં આવ્યું હતું. જેના કારણે વાહન ચાલકોએ ગુંદલાવ હાઈવે ધરમપુર ચોકડી થઈ વલસાડ જવાની ફરજ પડી હતી. ઉપરવાસમાં ભારે ધરમપુર કપરાડામાં મુશળધાર વરસાદના પગલે વલસાડની ઔરંગા નદીની સપાટી વધતા બપોર બાદ વલસાડ ખેરગામ રોડ બંધ કરી દેવામાં આવતા વાહન ચાલકોએ ધરમપુર ચોકડી ગુંદલાવ હાઈવે થઈ જવાની ફરજ પડી હતી. વલસાડ જિલ્લામાં પડી રહેલા વરસાદના પગલે વલસાડ શહેરના સોસાયટી રસ્તાઓ પર જળબંબાકાર બની ગયા હતા. વલસાડ જિલ્લામાં આજરોજ સવારે આઠ વાગ્યાથી સાંજે ૪:૦૦ વાગ્યા સુધીમાં વલસાડ તાલુકામાં ત્રણ ઈંચ ધરમપુર તાલુકામાં ચાર ઈંચ, પારડી તાલુકામાં ચાર ઈંચ, કપરાડા તાલુકામાં પાંચ ઈંચ, ઉમરગામ તાલુકામાં બે ઈંચ, વાપી તાલુકામાં બે ઈંચ અને નાનાપોઢા તાલુકામાં ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યાનું નોંધાયું છે. વલસાડ જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી મેઘરાજા મન મૂકી વરસી રહ્યો છે. જિલ્લામાં સારો એવો વરસાદ પડતા નદી, નાળા, ચેકડેમ, કોઝવે, ખેતરો ઉભરાયા છે જ્યારે તળાવમાં પાણી ચલો ચલ ભરાતા ખેડૂતોને તેમજ વિસ્તારના રહીશો આનંદમાં આવી ગયા છે.

## મોટી દમણના દરિયા કિનારે બે અજાણી લાશ મળતાં સનસનાટી

### તાજેતરના દિવસોમાં દમણ પોલીસ સ્ટેશનમાં કોઈ ગુમ થયાનો રિપોર્ટ નોંધાયો ન હોવાથી અજાણી લાશ અંગે ચર્ચા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૭ :** મંગળવારે મોતી દમણના લાઈટહાઉસ બીચ નજીક બીચ પર બે અજાણ્યા વ્યક્તિઓના મૃતદેહ મળી આવતા વિસ્તારમાં સનસનાટી મચી ગઈ હતી. લાંબા સમય સુધી પાણીમાં રહેવાથી બંને મૃતદેહ ફૂલી ગયા હતા.

મળતી માહિતી મુજબ, સવારે દરિયા કિનારે ફરતા કેટલાક લોકોએ એક મૃતદેહ જોયો અને તાત્કાલિક પોલીસને જાણ કરી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી. શોધખોળ દરમિયાન, ઘટનાસ્થળથી થોડે દૂર બીજો મૃતદેહ મળી આવ્યો હતો.

પ્રાથમિક માહિતી મુજબ, બે મૃતકોની હજુ સુધી ઓળખ થઈ શકી નથી. એકની ઉંમર આશરે ૨૫ વર્ષ અને બીજો ૩૫ વર્ષનો હોવાનો અંદાજ છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તાજેતરના દિવસોમાં દમણ પોલીસ સ્ટેશનમાં કોઈ ગુમ થયાની જાણ કરવામાં આવી નથી. પોલીસે બંને મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. કેસની તપાસ ચાલી રહી છે, અને મૃતકોની ઓળખ કરવા અને મૃત્યુનું કારણ નક્કી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે.

### વિદ્યાર્થીનીને પીઠ પર બેસાડી ખાડીનો પુલ પસાર કરતી વખતે અકસ્માત સજાર્યો

## તિસ્કરી તલાટની ખાડીમાં સ્કૂલવાન ચાલક તણાયો

બચાવો બચાવોની બૂમ સાંભળી ગામના જ બાલુ જીવણભાઈ ચૌધરી તાત્કાલિક દોડી આવ્યા અને ખાડીમાં છલાંગ લગાવી હતી. ભારે જહેમત બાદ તેમણે ૧૧ વર્ષની દીકરી પરીનો જીવ બચાવી લેવામાં સફળતા મેળવી : તણાઈ ગયેલા ઈક્કો સ્કુલવાન ચાલકને શોધવા પ્રયત્નો






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૭ :** વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના તિસ્કરી તલાટગામમાં મંગળવારે હૃદયદ્રાવક ઘટના બની હતી. ગામના બાળકોને ઈક્કો ગાડીમાં શાળાએ લઈ જવાનું અને પરત મૂકવાનું કામ કરતા ૪૨ વર્ષીય અજય ઉર્ફે સંદીપ ધીરુભાઈ ગાવીત ખાડીમાં તણાઈ ગયા હતા. જોકે, તેમની સાથે રહેલી ૧૧ વર્ષની બાળકીનો ગામના એક સાહસિક તરવૈયાએ જીવ બચાવી લીધો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, ધરમપુરના તિસ્કરી તલાટ ગામના પટેલ ફળિયામાં રહેતા અજય ઉર્ફે સંદીપ ધીરુભાઈ ગાવીત ગામની પ્રાથમિક શાળામાં વર્દીનો (વિદ્યાર્થીઓને લાવવા-મૂકવા જવાનો) ધંધો કરતા હતા. મંગળવારે સવારે અંદાજે ૯:૫૦ વાગ્યે તેઓ ગામમાં રહેતા અનિલભાઈના ઘરે તેમની ૧૧ વર્ષીય પુત્રી પરીને શાળાએ લઈ જવા પહોંચ્યા હતા. ભારે વરસાદને કારણે પુલ ઉપર પાણી વહેતું હોવાથી તેમણે પોતાની ઈક્કો ગાડી (નં. GJ-15-CL-2413) પુલ પાસે સુરક્ષિત રીતે ઊભી રાખી હતી અને પગપાળા પરીને લેવા ગયા હતા. ઘરે ગયા ત્યારે પરી તૈયાર હોવાથી પીઠ પર બેસાડીને પરત ગાડી તરફ આવી રહ્યા હતા ત્યારે રસ્તા પર પાણી ફરી વળતાં રસ્તાનો અંદાજ ન રહ્યો અને રસ્તાને અડીને આવેલી ઉખડિયા ખાડીમાં પડી જતા બંને તણાવા લાગ્યા હતા. બચાવો... બચાવોની બૂમો સાંભળીને ગામના બાલુ જીવણભાઈ ચૌધરી તાત્કાલિક દોડી આવ્યા અને ખાડીમાં છલાંગ લગાવી હતી. ભારે જહેમત બાદ તેમણે ૧૧ વર્ષની દીકરી પરીનો જીવ બચાવી લેવામાં સફળતા મેળવી હતી. જોકે, અજય ઉર્ફે સંદીપ ગાવીત પાણીના પ્રવાહમાં તણાઈ ગયા હતા.

સ્થળ પર હાજર સ્થાનિકોએ તરત બચાવ કામગીરી હાથ ધરી હતી. વિદ્યાર્થિનીને સુરક્ષિત બહાર કાઢી સારવાર માટે ધરમપુર સ્ટેટ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યારે અજયભાઈ વહેતા પાણીમાં તણાઈ જતા તેમની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.બનાવની જાણ થતાં ધરમપુર પોલીસ, ફાયર બ્રિગેડના તરવૈયાઓ તથા વહીવટી તંત્રના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને સાંજ સુધી શોધખોળ ચાલુ રાખી હતી. છતાં અજય મળી ન આવ્યો હતો આ અંગે અજયભાઈના પિતા ધીરૂભાઈ ગોપજીભાઈ ગાંવિતની રજૂઆતના આધારે ધરમપુર પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મેઘરાજાએ વાપીને બે દિવસ ધમરોળ્યું

(દમગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** મેઘરાજાએ વાપી શહેર અને આસપાસના વિસ્તારમાં છેલ્લા બે દિવસથી ધમાકેદાર બેટિંગ કરતાં જનજીવનને અસર પહોંચી છે.

સતત વરસી રહેલા વરસાદને પગલે શહેરમાં સીઝનનો કુલ વરસાદ આશરે ૩૨ ઈંચ સુધી પહોંચી ગયો છે. ખાસ કરીને સોમવારે રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન માત્ર બે કલાકમાં જ ૩ ઈંચથી વધુ વરસાદ નોંધાતા અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદને કારણે શહેરના નીચાણવાળા વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા હતા, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ચલા મુક્તંદ માર્ગ,ગીતાનગર, કંચન નગરમાં, આરી ફળિયા સહિત અનેક રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી જતાં લોકોને ઘરવખરી બચાવવા માટે રાતભર જાગવું પડ્યું હતું. વરસાદી પવનના કારણે શહેરમાં ૭ થી વધુ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થતાં કેટલાક માર્ગો પર વાહનવ્યવહારને અડચણ પહોંચી હતી. સંબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક વૃક્ષો હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ, મહાનગરપાલિકા અને વીજ વિભાગની ટીમો પણ વિવિધ સ્થળોએ સતત કામગીરીમાં વ્યસ્ત રહી હતી.

નેમિનાથ ટ્રેડર્સ




ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી


Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees



Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10



Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

## નવસારી તાલુકામાં ૧૯૫ મી.મી. વરસાદ નોંધાયો



**નવસારી, તા.૦૭ :** નવસારી જિલ્લામાં આજે અવિરત વરસાદ વરસી રહ્યો છે. જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ તરફથી પ્રાપ્ત થયેલા વરસાદના આંકડા મુજબ તા.૦૭/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ કલાકથી સાંજે ૪:૦૦ કલાક સુધી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે.

-ાપ્ત માહિતી અનુસાર નવસારી તાલુકામાં સૌથી વધુ ૧૯૫ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે જલાલપોર તાલુકામાં ૧૭૭ મી.મી., ગણદેવી તાલુકામાં ૧૧૩ મી.મી., ચીખલી તાલુકામાં ૮૪ મી.મી., વાંસદા તાલુકામાં ૫૪ મી.મી. તથા ખેરગામ તાલુકામાં ૫૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ નદી-નાળાઓના જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

## ડાંગ જિલ્લામાં મેઘરાજાનું રૌદ્ર સ્વરૂપ : સર્વત્ર જળબંબાકાર

**સાપુતારા, તા.૦૬ :** રાજ્યના છેવાડે આવેલા કુદરતી સૌંદર્યથી ભરપૂર ડાંગ જિલ્લામાં જુલાઈ મહિનાની શરૂઆતથી જ ચોમાસાનો માહોલ બરાબરનો જામ્યો છે. છેલ્લા બે દિવસથી ડાંગના આહવા, વઘઈ અને સુબિર તાલુકા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં મેઘરાજાએ ધબધબાટી બોલાવતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ડાંગ જિલ્લાના ગામડાઓમાં ફરી એકવાર મેઘાનું તાંડવ જોવા મળ્યું છે, જેનાં કારણે અત્યાર સુધી લોકો માટે સુખાકારી સમાન ગણાતી લોકમાતાઓ (નદીઓ) હવે અતિવૃષ્ટિને કારણે ગાંડીતુર બની ગઈ છે. જિલ્લાના અમુક પંથકોમાં મધ્યમ તો કેટલાક વિસ્તારોમાં સાંબેલાધાર વરસાદ ખાબકતા અંબિકા, ખાપરી, પૂર્ણા અને ગીરા નદીઓ બંને કાંઠે વહેતી



થઈ છે. નદીઓમાં પૂર જેવા દ્રશ્યો વચ્ચે જંગલ વિસ્તારમાં આવેલા વહેળા, કોતરો, ઝરણા અને નાના-મોટા જળધોધ અખૂટ પાણીના જથ્થા સાથે અત્યંત વેગવંતા અને અન્તિમ બની ગયા છે. અવિરત વરસી રહેલા આ વરસાદને કારણે જિલ્લાના અનેક આંતરિક માર્ગો અને કોઝવેને વ્યાપક નુકસાન પહોંચ્યું છે, જ્યારે નદી કાંઠાના ખેતરોમાં ધોવાણ થવાના અહેવાલો પણ મળી રહ્યા છે.ગિરિમથક સાપુતારા સહિત ડોન હિલ રિસોર્ટ પર ધુમ્મસની સફેદ ચાદર ઓઢાઈ જતા વાતાવરણ આહલાદક બની જવા પામ્યુ છે. આ વાતાવરણ પ્રવાસીઓ માટે આહલાદક,જ્યારે વાહનચાલકો માટે મુશ્કેલીરૂપ બન્યુ છે.રવિવારે મોડી રાતથી શરૂ કરીને સોમવાર દરમિયાન સાપુતારા, આહવા, વઘઈ, સુબિર, ચીંચલી, સાકરપાતળ, ભેંસકાતરી, કાલીબેલ, બરડીપાડા અને બોરખલ સહિતના પૂર્વપટ્ટી તેમજ સરહદીય પંથકોમાં અતિભારે વરસાદ નોંધાયો હતો.

આ સતત વરસાદની વચ્ચે ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા સહીત ડોન હિલ રિસોર્ટ ખાતે અદભુત નજારો જોવા મળ્યો હતો. સમગ્ર સાપુતારા અને ડોન હિલ સ્ટેશન ગાઢ ધુમ્મસની સફેદ ચાદરમાં લપેટાઈ જતાં અહીંની પ્રકૃતિ હિલોળે ચડી હતી. જો કે, આ અદ્ભુત વાતાવરણની વચ્ચે વિઝિબિલિટી ખૂબ જ ઘટી જતાં વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. ધુમ્મસના કારણે રસ્તાઓ ન દેખાતા વાહનચાલકો દિવસ દરમિયાન પણ વાહનોની હેડલાઈટ અને ફોગ સિગ્નલ ચાલુ રાખીને અત્યંત ધીમી ગતિએ વાહનો હંકારવા મજબૂર બન્યા હતા.ડાંગ જિલ્લામાં સતત વરસાદના કારણે રવિવારે રાત્રીનાં અરસામાં મહદ કોઝવેકમ પુલો અવરોધાયા હતા.પરંતુ વહેલી સવારે વરસાદ ઓછો થતા દિવસ દરમ્યાન માત્ર વઘઈ તાલુકાના ત્રણ માર્ગો પર કોઝવે અને પુલ ઉપરથી પાણી ફરી વળતાં વાહનવ્યવહાર સલામતીના હેતુસર તાત્કાલિક બંધ કરવામાં આવ્યા છે. જેમાં (૧)માછળી-ચીખલા-દિવડિયાવન રોડ, (૨) ઘાંગડી-કાનત ફળિયા રોડ તથા (૩) ઘોડવહળ વી.એ. રોડનો સમાવેશ થાય છે. સંબંધિત વિભાગ દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે જ્યાં વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ નથી ત્યાં સ્થાનિકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.જિલ્લા વહીવટીતંત્રે નાગરિકોને અનુરોધ કર્યો છે કે વરસાદી પરિસ્થિતિ દરમિયાન નદી, નાળા અને કોઝવે પરથી પાણી વહેતું હોય ત્યારે કોઈપણ સંજોગોમાં પસાર થવાનો -યાસ ન કરે તેમજ માત્ર સત્તાવાર સૂચનાઓને અનુસરીને જ મુસાફરી કરે. માર્ગોની સ્થિતિમાં સુધારો થતાં વાહનવ્યવહાર પુનઃ શરૂ કરવામાં આવશે.ઉલ્લેખનીય છે કે, આ સાથે ગિરિમથક સાપુતારા ખાતેના સનરાઈઝ પોઈન્ટના ઘાટ માર્ગમાં ધસી પડેલા પથ્થરો અને માટીનો મલબો સ્થાનિક તંત્ર દ્વારા દૂર કરી દેવામાં આવ્યો છે..ડાંગ જિલ્લાનાં ડિઝાસ્ટર વિભાગનાં જણાવ્યા અનુસાર છેલ્લા ૨૪ કલાક દરમ્યાન વઘઇ પંથકમાં ૮૩ મિમી અર્થાત ૩.૩૨ ઈંચ, સાપુતારા પંથકમાં ૧૫૩ મિમી અર્થાત ૬.૧૨ ઈંચ,સુબિર પંથકમાં ૧૫૬ મિમી અર્થાત ૬.૨૪ ઈંચ, જ્યારે સૌથી વધુ આહવા પંથકમાં ૧૬૧ મિમી અર્થાત ૬.૪૪ ઈંચ,જેટલો વરસાદ નોંધાયો હતો.

## નવસારીના આંતરિક રસ્તાઓ ઉપર વરસાદી પાણી ફરી વળતા રસ્તા બંધ કરાયા

**ચીખલી, તા.૭ :** નવસારી જિલ્લામાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ વરસી રહ્યો છે ત્યારે નવસારી જિલ્લાના તાલુકા ભરમાં આંતરિક રસ્તાઓ ઉપર વરસાદી પાણી ફરી વળતા રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે જેમાં ચીખલી તાલુકાના ૧૨ જેટલા રસ્તાઓ બંધ થઈ જવા પામ્યા છે જ્યારે ખેરગામ તાલુકાના ત્રણ રસ્તા બંધ કરી દેવાયા છે નવસારી ફલડ કંટ્રોલના આંકડા મુજબ તા. ૦૭/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૬:૦૦ કલાકથી સાંજે ૪:૦૦ કલાક સુધી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ નોંધાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નવસારી તાલુકામાં સૌથી વધુ ૧૯૫ મી.મી. વરસાદ નોંધાયો છે. જ્યારે જલાલપોર તાલુકામાં ૧૭૭ મી.મી., ગણદેવી તાલુકામાં ૧૧૩ મી.મી., ચીખલી તાલુકામાં ૮૪ મી.મી., વાંસદા તાલુકામાં ૫૪ મી.મી. તથા ખેરગામ તાલુકામાં ૫૯ મી.મી. વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં સતત વરસી રહેલા વરસાદને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની તેમજ નદી-નાળાઓના જળસ્તરમાં વધારો થવાની સંભાવના છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. જેમાં ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર પણ કેટલીક જગ્યા ઉપર પાણી ભરાઈ જવાના બનાવો બન્યા છે એટલું જ નહીં પરંતુ ભારે વરસાદને કારણે હાઈવે ઉપર ઠેર ઠેર મસ મોટા ખાડાઓ પણ પડી જતા વાહન ચાલકોએ ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે.

## ગણદેવીના તલીયારા ખાતે આઈ શ્રી ખોડિયાર માતાજી મંદિરનો સાલગીરી મહોત્સવ ઉજવાયો

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**બીલીમોરા, તા.૦૭ :** ગણદેવી તાલુકાના પવિત્ર અંબિકા નદીના તટે વસેલા તલીયારા ગામે મંગળવારે અલૌકિક ધાર્મિક માહોલ સર્જાયો હતો. ગામમાં બિરાજમાન શ્રદ્ધાના કેન્દ્ર સમાન આઈ શ્રી ખોડિયાર માતાજી તથા અંબીકેશ્વર મહાદેવ મંદિરના સાલગીરી મહોત્સવ નિમિત્તે ભવ્ય અને મંગલમય ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ શાસ્ત્રોક્ત વિધિ-વિધાન સાથે પવિત્ર નવચંડી યજ્ઞ અને શિવરુદ્રી યજ્ઞનો -ારંભ કરવામાં આવ્યો હતો, જેના દર્શન કરી સમગ્ર પંથકના ભક્તો ધન્ય બન્યા હતા. આ મહોત્સવ અંતર્ગત આઈ શ્રી ખોડિયાર માતાજીને સોળે શણગાર સજી અદભુત આરાધના કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર પરિસર દિવ્ય ઊર્જાથી મહેકી ઉઠ્યું હતું.



મેઘરાજાની તોફાની બેટિંગ અને ભારે વરસાદની વચ્ચે પણ માઈભક્તો અને શ્રદ્ધાળુઓનો ઉત્સાહ જરાય ઓછો થયો ન હતો. મંદિર પરિસરમાં વહેલી સવારથી જ હજારો ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. શ્રદ્ધાળુઓએ શિસ્તબદ્ધ લાઈનમાં ઊભા રહીને ખોડીયાર માતાજી, જલદેવી માતા, ગાયત્રી માતા, લક્ષ્મી માતા, સરસ્વતી માતા, હનુમાનજી, ગણપતિ દાદા તેમજ અલૌકિક સ્ફટિક શિવલિંગના દર્શન કરી શીશ નમાવ્યા હતા અને આશીર્વાદ મેળવ્યા હતા. સાંજે ભવ્ય મહાઆરતી બાદ હજારો ભક્તોએ પ્રસાદી રૂપી મહાભોગ ગ્રહણ કર્યો હતો. સમગ્ર ઉત્સવ દરમિયાન ગુંજી ઉઠેલા જય ખોડલ અને હર હર મહાદેવના ગગનભેદી નારાઓથી તલીયારા પંથક સંપૂર્ણપણે ભક્તિરસમાં તરબોળ થઈ ગયો હતો.

## ડાંગ જિલ્લામાં ભાજપ યુવા મોરચા દ્વારા રક્તદાન શિબિર યોજાઈ



**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**

**સાપુતારા, તા.૦૭ :** ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મજયંતિ સ્મૃતિ પખવાડિયાનાં ઉપલક્ષ્યમાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા ડાંગ જિલ્લા દ્વારા આહવા સ્થિત આદિવાસી સાંસ્કૃતિક ભવન ખાતે એક ભવ્ય રક્તદાન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા ડાંગ જિલ્લાના પ્રમુખ આઝાદસિંહ બઘેલ તેમજ મહામંત્રીઓમાં નરેશભાઈ ભોયે અને શૈલેષભાઈ ચૌધરીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલા આ માનવસેવાના પવિત્ર યજ્ઞમાં યુવાનો અને નાગરિકોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જેના પરિણામે કુલ ૫૧ યુનિટ જેટલું મહત્વપૂર્ણ રક્ત એકત્રિત કરવામાં આવ્યુ હતું. જે આગામી સમયમાં અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી સાબિત થશે. રક્તદાન - મહાદાન, જીવનદાનના દિવ્ય સંદેશ સાથે આયોજિત આ કાર્યક્રમમાં રક્તદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે અનેક રાજકીય અને સામાજિક મહાનુભાવો વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ અરવિંદભાઈ પટેલ, ડાંગ જિલ્લાના પ્રભારી રાજેશભાઈ દેસાઈ, ડાંગ જિલ્લા ભાજપ પ્રમુખ કિશોરભાઈ ગાવિત, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલ તેમજ ડાંગ જિલ્લા પંચાયતના પ્રમુખ રાજેશભાઈ ગામિતે હાજરી આપીને યુવા મોરચાના આ પ્રશંસનીય સેવાકાર્યને બિરદાવ્યું હતું. આ શિબિરને ઐતિહાસિક સફળતા અપાવવામાં ભારતીય જનતા પાર્ટી અને યુવા મોરચાના વિવિધ પદાધિકારીઓ, સક્રિય કાર્યકરો, સ્થાનિક યુવા સાથીઓ અને સામાજિક આગેવાનોએ મોટો સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે ભારતીય જનતા યુવા મોરચા ડાંગ જિલ્લા દ્વારા આ સફળ આયોજનમાં પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે મદદરૂપ બનનાર તમામ રક્તદાતાઓ, કાર્યકરો, સ્વયંસેવકો અને ઉપસ્થિત મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ સમગ્ર આયોજન સમાજમાં માનવતા, અરસપરસ સેવાભાવ અને સામાજિક જવાબદારીનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂ પાડે છે.

## નવસારી જિલ્લામાં જમીન દફતર નિરીક્ષક કચેરીઓ કાર્યરત

**બીલીમોરા, તા.૦૬ :** ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના ઠરાવ અને સેટલમેન્ટ કમિશનરના હુકમ અનુસાર નવસારી જિલ્લાના નાગરિકોને જમીન દફતર સંબંધિત સેવાઓ વધુ સરળ અને ઝડપી મળી રહે તે માટે વર્ગ-૨ની ૦૭ નવી તાલુકા કક્ષાની જમીન દફતર નિરીક્ષક (ILR) કચેરીઓ કાર્યરત કરવામાં આવી છે. જિલ્લા કક્ષાની કામગીરીનું તાલુકા મથકે વિકેન્દ્રીકરણ થવાથી હવે -જાએ જિલ્લા મુખ્ય મથકે ધક્કા ખાવા નહીં પડે અને ભૌગોલિક પરિસ્થિતિ મુજબ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવશે. નવી વ્યવસ્થા હેઠળ નવસારી (શહેર), નવસારી (ગ્રામ્ય) અને જલાલપોર તાલુકાની કચેરીઓ જિલ્લા સેવા સદન, ગ્રાન્ડ ફ્લોર, કાલિયાવાડી, નવસારી ખાતેથી, જ્યારે ચીખલી, ગણદેવી, વાંસદા અને ખેરગામ તાલુકાની કચેરીઓ જે-તે તાલુકાના તાલુકા સેવા સદન ખાતેથી કાર્યરત કરાઈ છે. નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને સુપ્રિન્ટેડન્ટ લેન્ડ રેકર્ડઝ કમ એકત્રીકરણ અધિકારી દ્વારા જિલ્લાના તમામ નાગરિકોને જમીન દફતર સંબંધિત સેવાઓ માટે જિલ્લા મથકે જવાના બદલે પોતાના તાલુકાની આ નવી કચેરીઓનો લાભ લેવા ખાસ અનુરોધ કરવામાં આવ્યો છે.

## ડાંગમાં ભારે વરસાદનાં પગલે જી.પં. હસ્તકનાં ૧૮ રસ્તાઓ બંધ કરાયા

### જિલ્લામાં ભારે વરસાદને પગલે શાળાઓમાં રજા જાહેર કરાઈ

**સાપુતારા, તા.૦૭ :** ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં મંગળવારે ધોધમાર વરસાદ પડ્યો હતો.ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા, શામગહાન,સાકરપાતળ,વઘઇ, ભેંસકાતરી,ઝાવડા,કાલીબેલ, બરડીપાડા,સિંગાણા, લવચાલી, પીપલાઈદેવી,ગારખડી, સુબિર, ચીંચલી, આહવા,બોરખલ સહીત પૂર્વપટ્ટી અને સરહદીય પંથકોમાં સોમવારે રાત્રીનાં અરસાથી મંગળવારે દિવસ દરમ્યાન ક્યાંક મધ્યમ તો ક્યાંક સાંબેલાધાર વરસાદ પડતા સર્વત્ર પાણીની રેલમછેલ ફરી વળી હતી.ડાંગ જિલ્લામાં ભારે વરસાદનાં પગલે અંબિકા,ગીરા,ખાપરી,પૂર્ણા નદી ગાંડીતુર બની બન્ને કાંઠે થઈ વહેતી થઈ હતી.ડાંગ જિલ્લામાં અતિ ભારે વરસાદની આગાહીના પગલે આજરોજ જિલ્લાની તમામ -ાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. જ્યારે માધ્યમિક અને રેસીડેન્સિયલ શાળાઓ ચાલુ રાખવામાં આવેલ છે.દરમિયાન આ લખાય છે ત્યાં સુધી, ડાંગ જિલ્લા પંચાયત હસ્તકના ૧૮ ગ્રામ્ય માર્ગો ઓવરટેપિંગના કારણે બંધ થવા પામ્યા છે. જેમાં વઘઇ તાલુકાના ૧. ખાતળ ફાટક ટુ ધોડી રોડ, ૨. માછળી ખાતળ રોડ - ૧, ૩. ગોદડીયા ટુ પાંઢરમાળ રોડ, ૪. ભેંસકાતરી કાંકરદા ભોંગડીયા એન્જીનપાડા રોડ, ૫. ભેંસકાતરી મેઈન રોડ ટુ આસરીયા ફળીયા રોડ (જુનો રોડ), ૬. માછળી ચિખલા દિવડીયાવન રોડ, ૭. વઘઇ દોડીપાડા દગડીઆંબા ભેંડમાળ રોડ, ૮ વાંઝડઆંબા કોયલીપાડા રોડ, ૯. આંબાપાડા ચીંચપાડા ઉગા રોડ, ૧૦. ધોડવહળ વી.એ. રોડ, ૧૧. આહેરડી બોરદહાડ રોડ, ૧૨. માનમોડી બોંડારમાળ નિંબારપાડા રોડ, ૧૩. મોટીદાબદર નાનીદાબદર નાનાપાડા રોડ, ૧૪. ધાંગડી કાનત ફળીયા રોડ, ૧૫. ચિખલદા વી.એ.રોડ, તેમજ આહવા તાલુકાના ૧. જાખાના કોટમદર રોડ, ૨. ધવલીદોડ સેન્દ્રીઆંબા રોડ, અને ૩. બારીપાડા ચિરાપાડા રોડ ક્યાંક કોઝ વે ઓવર ટોપિંગ થવાથી, તો ક્યાંક સ્લેબ ડ્રેઈન ઓવર ટોપિંગ થવાને કારણે અવરોધાયા છે.ડાંગ જિલ્લામા વરસાદની આગાહીને પગલે કલેક્ટર એન.ડી.પરમાર સમગ્ર પરિસ્થિતિ ઉપર નજર રાખી, તંત્રના સંબંધિત વિભાગોને માર્ગદર્શિત કરી રહ્યા છે. દરમિયાન લાઇન ડિપાર્ટમેન્ટના અધિકારી, કર્મચારીઓને સંભવિત પરિસ્થિતિ ધ્યાને લેતા, તેમનું કાર્યમથક નહિ છોડવાની પણ સુચના આપવામા આવી છે.ઉલ્લેખનિય છે કે, ચોમાસાની ઋતુમા ડાંગ જિલ્લાની વનાચ્છાદિત -કૃતિને મનભરીને માણવા માટે, -કૃતિ-મી પર્યટકો ડાંગ જિલ્લામા ઉમટી પડે છે.

## ડાંગ જિલ્લામાં નિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આયોજન

**આહવા, તા. ૭ :** રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની, કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજીત તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી, આહવા-ડાંગ દ્વારા સંચાલિત પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે ૦૭થી ૧૪ વર્ષના યુવક યુવતીઓ માટે એડવેન્ચર કોર્ષ તથા ૧૪ થી ૪૫ વર્ષના યુવક યુવતીઓ માટે બેઝીક કોર્ષ શિબિરનું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

રાજ્યના યુવક/યુવતીઓ તેમની શક્તિઓને યોગ્ય માર્ગે વાળી રાહત અને બચાવ જેવા સમાજ ઉપયોગી કાર્યો પાછળ યુવા શક્તિનો વિકાસ થાય તથા તેમનામાં નેતૃત્વ શક્તિ વિકસે,સાહસીકતાના ગુણો ખીલે તે હેતુથી પ્રતિ વર્ષ ડાંગ જિલ્લામાં પર્વતારોહણ તાલીમ શિબીરનું આયોજન હાથ ધરવામાં આવે છે.

જેમાં એડવેન્ચર કોર્ષ માટે જિલ્લામાંથી ૫૦ યુવક/યુવતીઓ પસંદ કરી ૦૭ દિવસ માટે શિબીરનું આયોજન કરવાનું હોય તથા બેઝીક કોર્ષ માટે જિલ્લામાંથી ૪૦ યુવક/યુવતીઓ પસંદ કરી ૧૦ દિવસ માટે શિબીરનું આયોજન કરવાનું હોય આ તાલીમ શિબિરમાં જોડાવા માટેનું નિયત નમૂના મુજબનું અરજીપત્રક કચેરી સમય દરમિયાન ચાલુ દિવસોમાં જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, આંબાપાડા, આહવા, જિ-ડાંગ ખાતે મેળવીને તા.૧૩/૦૭/૨૦૨૬ સુધીમાં જમાં કરાવવાનું રહેશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી આહવા ડાંગની એક અખબારી યાદીમાં જણાવાયું છે.


**દમણગંગા ટાઈમ્સ**

**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે**

**વેબસાઈટની મુલાકાત લો**

**www.damangatimes.com**


## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૦૮-૦૭-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** જેઠ, આતમ **સૂર્યોદય :** ૦૬ : ૦૩ **સૂર્યાસ્ત** ૦૭ :૨૬, **ચંદ્રોદય** - ૧૨:૧૧ **ચંદ્રાસ્ત** - ૦૧:૧૩ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - રેંવતી

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આજે તમે નવું કાર્ય શરૂ કરી શકો છો. વેપારમાં વૃદ્ધિ અને અચાનક ધનલાખની સંભાવના છે. પરિવારમાં સુખ-શાંતિ રહેશે અને તમને કોઈ અટકેલા નાણાં પાછા મળી શકે છે.

**વૃષભ (બ, વ, ઉ) :** આ રાશિના જાતકો માટે આજનો દિવસ સારો રહેશે. નોકરીમાં સાનુકૂળ વાતાવરણ મળશે. વિદ્યાર્થીઓ માટે સમય સારો છે. પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું અને બિનજરૂરી ખર્ચ ટાળવો.

**મિથુન (ક, ઘ, ચ) :**વેપારમાં નવી તકો મળશે. આજે કોઈ અજાણ્યા પર વિશ્વાસ ન કરવો. સામાજિક માન-સન્માન વધશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**કર્ક (ડ, હ) :** આજે તમારા અટકેલા કામ પૂરા થશે. માનસિક શાંતિનો અનુભવ કરશો. નોકરી કરતા લોકો માટે પ્રગતિના રસ્તા ખુલશે. પારિવારિક જીવનમાં ખુશીઓ આવશે.

**સિંહ (મ, ટ) :** તમારી આર્થિક સ્થિતિ મજબૂત બનશે. વેપારમાં અણધાર્યો લાભ થવાની સંભાવના છે. કાર્યસ્થળ પર તમારી જવાબદારીઓ વધી શકે છે.

**કન્યા (પ, ઠ, ણ) :** આજે તમને ધાર્યું પરિણામ મળશે. આવકના સાધનો મજબૂત બનશે. પરિવારમાં કોઈ સમસ્યાનો ઉકેલ આવી શકે છે. સ્વાસ્થ્ય પ્રત્યે સભાન રહેવું.

**તુલા (ર, ત) :** વેપારમાં લાભ અને પ્રગતિની તકો મળશે. આકસ્મિક આર્થિક લાભ થવાની સંભાવના છે. વાહન કે મિલકત ખરીદીના યોગ બની રહ્યા છે.

**વૃશ્ચિક (ન, ય) :** આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદ્રુપ રહેશે. કાર્યક્ષેત્રે મહેનતનું યોગ્ય ફળ મળશે. ઉચ્ચ શિક્ષણની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળી શકે છે.

**ધન (ભ, ધ, ફ, ઢ) :** આજે તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. આર્થિક રીતે તમે સુરક્ષિત રહેશો. પરિવાર સાથે સારો સમય વિતાવી શકશો. સ્વાસ્થ્ય સારું રહેશે.

**મકર (ખ, જ) :** આજે તમને ધાર્યા પરિણામો મળશે. અચાનક કોઈ સારા સમાચાર મળવાથી મન પ્રસન્ન રહેશે. નોકરીમાં પ્રશંસા મળશે. વેપારમાં સારો નફો થશે.

**કુંભ (ગ, સ, શ, ષ) :** વેપારમાં જૂના ગ્રાહકોનો સહયોગ મળશે. નોકરીમાં જવાબદારીઓ વધી શકે છે. ખર્ચ વધી શકે છે, તેથી બચત પર ધ્યાન આપવું.

**મીન (દ, ચ, થ, ઝ) :** આજે મન શાંત રહેશે. આર્થિક લાભની તકો મળશે. પરિવારનો સંપૂર્ણ સહયોગ મળશે. વિદ્યાર્થીઓ માટે દિવસ અનુકૂળ છે.

## દમણ રેડિયો

**102.3 FM**

આકાશવાણી

બુધવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

## સુડોકુ નં.૬૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 7 | | | 5 | | | 4 | |
| | | | 9 | | 2 | | | |
| | 4 | 5 | | | | 9 | 3 | |
| 1 | 6 | | 8 | | 3 | | 7 | 5 |
| | | | 4 | | 5 | | | |
| 5 | 8 | | 6 | | 7 | | 2 | 1 |
| | 1 | 3 | | | | 8 | 5 | |
| | | | 1 | | 6 | | | |
| | 9 | | | 3 | | | 6 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૬૨૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 3 | 7 | 8 | 5 | 2 | 1 | 4 | 6 |
| 1 | 6 | 5 | 9 | 7 | 4 | 8 | 3 | 2 |
| 4 | 8 | 2 | 1 | 6 | 3 | 9 | 5 | 7 |
| 8 | 5 | 4 | 2 | 3 | 1 | 7 | 6 | 9 |
| 6 | 2 | 9 | 4 | 8 | 7 | 3 | 1 | 5 |
| 3 | 7 | 1 | 5 | 9 | 6 | 2 | 8 | 4 |
| 5 | 9 | 6 | 3 | 2 | 8 | 4 | 7 | 1 |
| 2 | 4 | 3 | 7 | 1 | 5 | 6 | 9 | 8 |
| 7 | 1 | 8 | 6 | 4 | 9 | 5 | 2 | 3 |









વાપીમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૧૨ ઇંચથી વધુ વરસાદ વરસતા સમગ્ર શહેરમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી મુખ્ય બજાર, ગીતા નગર કંચન નગર ટાંકી ફળિયા સરસ્વતીનગર, કબ્રસ્તાન રોડ, વંદે માતરમ ચોક,ગુંજન જીઆઇડીસી, જે ટાઈપ હાઉસિંગ વિસ્તાર સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. અનેક મુખ્ય માર્ગો પર પાણી ભરાતા કેટલાક રસ્તાઓ તાત્કાલિક બંધ કરવાની ફરજ પડી હતી, જેના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. દર વર્ષે ચોમાસામાં પાણી ભરાવાની સમસ્યા સામે આવતી હોવા છતાં કાયમી ઉકેલ હજુ સુધી ન મળતાં સ્થાનિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. નાગરિકોએ વરસાદી પાણીના નિકાલ માટે લાંબા ગાળાની અસરકારક યોજના અમલમાં મૂકવાની માંગ ઉઠાવી છે.




## ઈનર વ્હીલ કલબ ઓફ વાપીના નવા હોદ્દેદારોનો શપથ ગ્રહણ સમારંભ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપીની જાણીતી સેવાકીય સંસ્થા ઈનર વ્હીલ કલબ ઓફ વાપી ધ્વારા તા ૩૦/૦૬/૨૦૨૬ ના રોજ છરવાડા મધ્યે આવેલ વીડા-૩૬૦ ના હોલમાં નવા વર્ષના શપથ ગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવેલ હતું. કાર્યક્રમની! શરૂઆત શૈવી મહેતાના શિવ સ્તુત નૃત્ય તથા પ્રાર્થના ધ્વારા કરવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રર્વતમાન પ્રમુખ જયોત શાહે સભ્યોનો આભાર વ્યક્ત કરેલ હતો. તેમજ સેક્રેટરી વીમી મહેતાએ વર્ષ દરમ્યાન થયેલા સેવા કાર્યોનો અહેવાલ રજૂ કરેલ હતો. ડીસ્ટીકટ ૩૦૬ માં મળેલા એવોર્ડ બદલ તમામ દાતાઓનો તથા સભ્યોઓનો તેણી ધ્વારા આભાર માનવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ઈન્સ્ટોલીંગ ઓફીસર પ્રિતી દેસાઈના ધ્વારા નવ નિયુક્તત પ્રમુખ વીમી મહેતા તથા સેક્રેટરી ભક્તિ રાઠોડ તથાઙ્ઘ ટ્રેઝરર ચંદનબેન મણીયાર તથા અન્ય એક્ઝઝીક્યુટીવ કમીટી મેમ્બરોનો શપથ ગહણઙ્ઘ કરવામાં આવેલ હતો. પ્રતિષ્ઠિત મહેમાનોની ઉપસ્થિતીમાં વિમી મહેતાએ નવા પ્રમુખઙ્ઘ તરીકે તથા તેમની નવી કાર્યકારીણી ટીમે હોદાની શપથ ગ્રહણ કરેલ હતા. જુલાઈ મહીનાના મુખ્ય પ્રોજેકટસમાં ડાયાલિસિસ સહાય સપ્તાહ, ગુરૂ પૂર્ણિમાંઙ્ઘ ઉજવણી, થેલેસેમિયા જાગૃતિ, પ્રકૃત સંરક્ષણ દિવસ અને તિઘરા શાળામાં શૈક્ષણિક સહાયનો સમાવેશ થાય છે. કાર્યક્રમનું સંચાલન ઉષ્મા શાહ તથા પ્રિયા શાહ ધ્વારા કરવામાં આવેલ હતું.

## આંબા તલાટના તાન નદીના પુલ પરથી મીની બસ શરૂ કરવા મુસાફરોની માંગ

### ખટાણાના નવા પુલને રૂટમાં સામેલ કરવાની પણ રજૂઆત



ધરમપુર-વાંસદા માર્ગ પર આવેલા માન નદીના પુલમાં છેલ્લા એક વર્ષ અગાઉ ચોમાસાના સમય દરમિયાન ગાબડું પડતાં સુરક્ષાના ભાગરૂપે પુલ પરથી ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. તે સમયે સંસદ ધવલ પટેલ, નેશનલ હાઈવે ઓથોરિટીના ઈજનેરો અને અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કરીને માત્ર કાર અને દ્વિચક્રી વાહનોને જ અવરજવરની મંજૂરી આપી હતી. ત્યારબાદ નેશનલ હાઈવે દ્વારા એનએચ-૫૬ પર આવેલા તમામ પુલોનું સર્વેક્ષણ હાથ ધરાયું હતું.માન નદીના પુલની જરૂરી મરામત પૂર્ણ થયા બાદ પ્રશાસને આઠ ટન સુધીના વજન ધરાવતા વાહનોને અવરજવરની મંજૂરી આપી હતી. જોકે, એસટી બસોને આ માર્ગ પરથી પસાર થવાની મંજૂરી આપવામાં આવી ન હતી સ્થાનિકોની રજૂઆત બાદ ધોરણ ૧૦ અને ૧૨ ની બોર્ડ પરીક્ષાના સમયમાં વિદ્યાર્થીઓને મુશ્કેલી ન પડે તે માટે માત્ર મીની બસને માન નદીના પુલ પરથી પસાર થવાની ખાસ મંજૂરી આપવામાં આવી હતી. હાલમાં આ મીની બસ કરેંજવેરી ફાટક થઈ વિરવલ-તોરણવેરા-ખાનપુર થઈ



**ધરમપુરનો પત્ર**
ભરત પાટીલ, ધરમપુર

એનએચ-૫૬ પર પહોંચે છે. પરિણામે ધરમપુર-વાંસદા માર્ગ પર આવેલા કરેંજવેરી, આંબા તલાટ અને ખાનપુર સહિતના ગામોના મુસાફરોને નિયમિત બસ સેવાનો પૂરતો લાભ મળતો નથી જેના કારણે આ વિસ્તારથી રોજિંદા અવરજવર કરનારાઓને ખાનગી વાહનોનો સહારો લેવો પડે છે.

સ્થાનિકોનું કહેવું છે કે જો આંબા તલાટ નજીક આવેલા તાન નદીના પુલ પરથી પણ મીની બસને અવરજવરની મંજૂરી આપવામાં આવે તો ઉપરોક્ત ગામોના લોકોને મોટી રાહત મળી શકે. હાલમાં આ રૂટના કારણે મુસાફરોનો દરરોજ અંદાજે ૩૦ મિનિટથી વધુ સમય નો બગાડ થાય છે

આ ઉપરાંત ધરમપુર-વાંસદા માર્ગ પર ખટાણા ખાતે નવા બનેલા પુલ પરથી મીની બસને દોડાવવાની પણ માંગ ઉઠી છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ આ રૂટ શરૂ કરવામાં આવે તો લાંબો ચકરાવો ટાળી શકાય અને અંદાજે ૯થી૧૦ કિલોમીટરનું અંતર ઘટી શકે, જેના કારણે મુસાફરો સમયસર પોતાના સ્થાને પહોંચી શકે. સ્થાનિકોએ વધુમાં જણાવ્યું હતું કે જ્યારે આંબા તલાટના તાન નદીના પુલ પરથી ખાલી વાહનોને અવરજવરની મંજૂરી આપવામાં આવી છે, ત્યારે મીની બસને પણ મંજૂરી આપવા અંગે સકારાત્મક નિર્ણય લેવો જરૂરી છે. ઉલ્લેખનીય છે કે નાના પોંઢા-વાપી માર્ગ પર આવેલા કોલક નદીના પુલને પણ અગાઉ સુરક્ષાના કારણોસર બંધ કરવામાં આવ્યો હતો, પરંતુ હાલ ફરીથી મોટા વાહનો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. ત્યારે માન નદીના પુલ અને ખટાણાના નવા પુલના સંદર્ભમાં પણ મુસાફરોના હિતને ધ્યાનમાં રાખી યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઉઠી રહી છે.



વાપી નજીક મોટીવાડા વિસ્તારના નેશનલ હાઈવે પર ભારે વરસાદ દરમિયાન જ ડામર પાથરવાની કામગીરી હાથ ધરાતા વાહનચાલકો અને સ્થાનિકોમાં આશ્ચર્ય સાથે રોષ જોવા મળ્યો હતો. વરસાદી માહોલમાં કરવામાં આવતી આવી કામગીરીની ગુણવત્તા અંગે અનેક સવાલો ઊભા થયા છે. સામાન્ય રીતે ડામર અને પાણી વચ્ચે વેર મનાય છે. ભીના રસ્તા પર ડામર ચોંટતું ન હોવાથી થોડા સમયમાં જ રોડ ફરીથી ઉખડી જવાની શક્યતા રહે છે. તેમ છતાં સંબંધિત કોન્ટ્રાક્ટર દ્વારા વરસાદ વચ્ચે જ કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. આ દરમિયાન માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્થાનિકોએ આ કામગીરીને સરકારી નાણાંનો બગાડ ગણાવી જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે. હાઈવે ઓથોરિટીએ ગુણવત્તા જળવાય તે માટે યોગ્ય સમયમાં જ રોડનું કામ કરાવવું જોઈએ તેવી માંગ પણ ઉઠી છે.

## અતુલ કલબમાં મેજોર રેન્કિંગ બેડમિન્ટન ટુર્ના. રમાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** બલસાર ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશન અને અતુલ ક્લબના સંયુક્ત ઉપક્રમે 'યોનેક્સ સનરાઈઝ ઓપન ગુજરાત - મેજોર રેન્કિંગ બેડમિન્ટન ટુર્નામેન્ટ અન્ડર - ૧૯ બોયઝ એન્ડ ગર્લ્સ - ૨૦૨૬' ની ફાઈનલ મેચો ૫ જુલાઈ-૨૦૨૬ ના રોજ અતુલ ક્લબ માં રમાઈ હતી. જેમાં મીક્ષ ડબલ્સમાં સાનિધ્ય અગ્રવાલ - આરલ પટેલ, બોયઝ ડબલ્સમાં પાર્થ ઝાલાવાડીયા - રોહન સોલંકી, ગર્લ્સ ડબલ્સમાં આર્ચી ઘેટીયા - સ્વરા રાયગાંધી, બોયઝ સિંગલ્સમાં સાનિધ્ય અગ્રવાલ અને ગર્લ્સ સિંગલ્સમાં કાવ્યા મારવાનીયા ચેમ્પિયન બની હતી . ફાઈનલ મેચના અંતે ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત બેડમિન્ટન એસોસિએશનના પ્રમુખ એસ.એ. રાવલ અને બલસાર બેડમિન્ટ એસોસિએશનના પ્રમુખ અર્ચનાબહેન, નિમિષ વશી, ધર્મિન દેસાઈ, વિરેન દેસાઈ, અક્ષય રાણા, અજય શુક્લા હાજર રહી પ્રોત્સાહન પુરું પાડ્યું હતું. અતુલ ક્બલના ટ્રસ્ટી વિવેક ગદરેએ સૌને શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવવા બલસાર ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશનના આયોજક વિવેક દેસાઈ અને અતુલ ક્લબના શ્રેયશભાઈએ સુંદર આયોજન કરી સમગ્ર ટુર્નામેન્ટને સફળ બનાવી. મેચ રેફ્રી તરીકે શ્રી થેમસ પી. સુરતી અને ડે. રેફ્રી સાથે અમ્પાયરની ટીમે સેવા આપી હતી.

## વલસાડમાં ભાજપ યુવા મોરચા અને મહિલા મોરચાના ઉપક્રમે છાત્ર સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૭ :** વલસાડના સંસ્કાર કેન્દ્ર, કોલેજ કેમ્પસ માં ભાજપ પાર્ટી વલસાડ જિલ્લા યુવા મોરચા અને મહિલા મોરચાના સંયુક્ત ઉપક્રમે એક ભવ્ય છાત્ર સંમેલનનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ભાગ લીધો હતોસંમેલન માં પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી (જૈન),વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા,સંમેલન ના મુખ્ય વક્તા તરીકે ગુજરાત પ્રદેશ ભાજપ મહિલા મોરચાના પ્રમુખ અંજુબેન વેકરિયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું અને એમણે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા,વલસાડ-ડાંગના લોકસભા સાંસદ,લોકસભાના દંડક તેમજ ગુજરાત -દેશ ભાજપના સહ-પ્રવક્તા ધવલભાઈ પટેલે પણ એમનું માર્ગદર્શન આપ્યું હતું,એમણે ઉપસ્થિત યુવાધનને શિક્ષણની સાથે સામાજિક જવાબદારીઓ અને દેશના વિકાસમાં ભાગીદાર બનવા અંગે મહત્વનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ તેમજ કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી વિશેષ ઉપસ્થિત રહી છાત્રોનું ઉત્સાહ વધાર્યો હતો.


## ચલાના જગન પાર્કમાં ૨૫થી વધુ રો હાઉસમાં બીજા દિવસે પણ પાણી ભરાયા

### મનપાના ચૂંટાયેલા કાઉન્સિલરો અને સ્થાનિક આગેવાનો તંત્ર સાથે પાણીના નિકાલ માટે દોડી પડ્યા, ગોલ્ડ કોઈન સર્કલથી મોહિદ ટાવર સુધી રસ્તા જળબંબાકાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** ગઈકાલ રાતથી સતત વરસી રહેલા દેમાર વરસાદને કારણે વાપી શહેરના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ હતી. ચલા વિસ્તારના જગન પાર્કમાં ૨૫થી વધુ રો હાઉસમાં વરસાદી પાણી ઘૂસી જતાં બીજા દિવસે બપોર સુધી પણ રહેવાસીઓને રાહત મળી નહોતી. આખી રાત પરિવારજનો પાણી કાઢવામાં અને ઘરવખરી બચાવવામાં વ્યસ્ત રહ્યા હતા. ઘરોમાં પાણી ભરાતા ફ્રીઝ, ઘરઘંટી, સોફા સેટ, ફર્નિચર, ગાદલા તેમજ અન્ય કિંમતી ઘરવખરીને ભારે નુકસાન થયું હોવાનું રહેવાસીઓએ જણાવ્યું હતું. મહિલાઓ, વૃદ્ધો અને નાના બાળકોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

પરિસ્થિતિની ગંભીરતા વચ્ચે વાપી મહાનગરપાલિકાના ચૂંટાયેલા આ વોર્ડના કાઉન્સિલરો, સ્થાનિક આગેવાનો અને સંબંધિત વિભાગના

અધિકારીઓ સ્થળ પર પહોંચી પાણીના ઝડપી નિકાલ માટે કામગીરીમાં જોડાયા હતા. પમ્પિંગ મશીનો સહિત જરૂરી વ્યવસ્થા ગોઠવી અસરગ્રસ્તોને રાહત આપવા પ્રયાસો હાથ ધરાયા હતા. અહીં ખોજા સોસાયટીમાં પણ બિલ્ડિંગોમાં ફ્લોરના ફ્લેટમાં પાણી ભરાઈ જતાં રહીશોને ભારે નુકશાની સાથે હાલાકી ભોગવવી પડી હતી તો કસ્ટમ રોડ મુખ્ય માર્ગ પર અનેક દુકાનોમાં પણ પાણી ભરાઈ ગયા હતા.

બીજી તરફ, વાપી-દમણ રોડ પર બપોરે લગભગ ૧૨ વાગ્યા સુધી ગોલ્ડ કોઈન સર્કલથી મોહિદ ટાવર સુધી પાણીનું મોટું તળાવ સર્જાતા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી હતી. અનેક વાહનો ધીમે ધીમે પસાર થતા ટ્રાફિકની સમસ્યા પણ ઉભી થઈ હતી.વાપીના જૂના ફાટક પાસે આવેલ પદયાત્રીઓ માટે બનાવાયેલ પેડેસ્ટ્રિયન સબવે સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. સબવેમાંથી પાણી બહાર કાઢવા માટે જનરેટરની મદદથી સતત પમ્પિંગ કામગીરી હાથ ધરવામાં આવી રહી હતી. ભારે વરસાદ બાદ શહેરમાં ઉભી થયેલી સ્થિતિને પગલે અસરકારક વરસાદી પાણી નિકાલ વ્યવસ્થાને લઈને ફરી એકવાર પ્રશ્નો ઊભા થયા છે.

## વાપી ખડકલામાં ગરીબ બાળકોને ક્રિકેટ કીટ અપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી શહેરના ખડકલા વિસ્તારમાં રસ્તા પર તૂટેલી બેટ, સ્ટમ્પ અને અન્ય સાધનો વડે ક્રિકેટ રમતા ગરીબ બાળકોને જોઈ વાપી શહેર ભાજપના હોદ્દેદાર તેમજ સામાજિક કાર્યકર્તા પ્રવીણ પાટીલે માનવતાભર્યો નિર્ણય લીધો. તેમણે બાળકોને યોગ્ય રીતે રમત-ગમતમાં પ્રોત્સાહન મળે તે હેતુથી વિસ્તારના ચાર અલગ-અલગ સ્થળોએ ક્રિકેટ રમવા માટેની સંપૂર્ણ ક્રિકેટ કીટનું વિતરણ કર્યું. ક્રિકેટ કીટ મળતા બાળકોના ચહેરા પર ખુશી છલકાઈ ઊઠી હતી. નવા બેટ, બોલ, સ્ટમ્પ સહિતની રમત સામગ્રી



મળતા બાળકો ઉત્સાહપૂર્વક ક્રિકેટ રમતા જોવા મળ્યા હતા. સ્થાનિકોએ પણ પ્રવીણ પાટીલના આ સેવાકીય કાર્યને બિરદાવી જણાવ્યું કે આવી પહેલથી ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોમાં રમત પ્રત્યે રસ વધશે તેમજ તેઓને પોતાની પ્રતિભા વિકસાવવાની તક મળશે. પ્રવીણ પાટીલે જણાવ્યું કે રમત-ગમત બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે અને સમાજના સક્ષમ લોકો આગળ આવી જરૂરિયાતમંદ બાળકોને મદદ કરે તો અનેક બાળકોના સપનાઓને નવી ઉડાન મળી શકે. તેમની આ માનવતાભરી પહેલ સમગ્ર વિસ્તારમાં પ્રશંસાનો વિષય બની છે. અગાઉ પણ પ્રવીણ પાટીલ દ્વારા હોળી ઉત્તરાયણ તેમજ અન્ય તહેવારોમાં વોર્ડ નંબર ૯ અને ૮ માં અનેક ગરીબ જરૂરિયાતમંદ બાળકોને મનોરંજન માટેના સાધન તેમજ પતંગ કલર પિચકારી અને દોરીનું વિતરણ કરવામાં આવે છે.

## વલસાડના પુસ્તક પરબના પરમાં મણકામાંથી ૩૭૫ પુસ્તકોને વાચકો મળ્યા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૦૭ :** વરસાદી માહોલમાં પુસ્તક પરબ, વલસાડનો જુલાઈ મહિનાનો પુસ્તકોત્સવ વલસાડના બે જાહેર સ્થળોએ– સર્કિટ હાઉસની બાજુમાં તથા અબ્રામા એસ.ટી. વર્કશોપ સામે, ક્રોમા નજીક ઉત્સાહભેર યોજાયો. વરસાદી વાતાવરણ વચ્ચે પણ પુસ્તકપ્રેમીઓનો ઉત્સાહ જરા પણ ઓછો ન થયો. નાના ભૂલકાંઓ, યુવાનો અને વડીલો સુધીના વાચકો પરબમાં ઉમટી પડ્યા. પુસ્તક પરબ, વલસાડના ચેરપર્સન ડૉ. આશા ખુશાલભાઈ ગોહિલ, હાર્દિક જી. પટેલ, સુનીતા ઢીમર, હિતેશ પટેલ, ટીના પટેલ, હિતેન પારેખ, દિલીપભાઈ દેસાઈ, વિલ્સન મેકવાન, કેયુર રોહિત, હંસા પટેલ, તેજલ પાડવી, અમન ગોહિલ તથા સમગ્ર ટીમની નિષ્ઠા, સેવાભાવ અને સુઆયોજિત કામગીરીના પરિણામે આ પ્રવૃત્તિ સતત વિકસી રહી છે.



ટીમના અવિરત પ્રયાસો અને વાચકોના પ્રેમ-સહકારથી આજે પુસ્તક પરબ, વલસાડ આસપાસના વિસ્તારોમાં વાંચનપ્રેમનું વિશ્વસનીય કેન્દ્ર બની ગયું છે. પરબમાંથી કુલ ૩૭૫ પુસ્તકોને વાચકો મળ્યા નવા ૧૧ વાચકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી. બીલીમોરાથી વિજયભાઈ પટેલ, સુમંતરાય પટેલ તથા ફિરોઝભાઈ વરીયાવા ખાસ ઉપસ્થિત રહ્યા. વલસાડથી રણજીતસિંહ દેસાઈ, ઊર્મિલા દરજી, ખુશમનબેન ડોડીયા, શકુંતલાબેન પટેલ, દર્શના દેસાઈ, અમિતા પટેલ, બ્રિજેશ પટેલ, ઉન્નતી ચિંતન દવે, પ્રકાશ દવે, ભાવના મિસ્ત્રી, ભાવિન પટેલ, કાર્તિકી લાડ, ધ્રુવિલ પટેલ, બ્રિજેશ પાટીલ, જીતેન્દ્ર પટેલ, ધનવી પટેલ, દિવાકર વ્યાસ, પીનલ પટેલ, દુર્વા પટેલ, માધવી પંડ્યા, જસ્મિતા ટંડેલ, હિરલ પટેલ, પ્રતીક પટેલ, જૈમીન જરીવાલા, મીનલ દેસાઈ, કાશ્મીરા ચાવડા, દેવપાલ ટાપરિયા, નક્ષી શાહ, પાયલ યાજ્ઞિક , જયેશ ખત્રી, મનીષ જોષી, મિનેશ જાની, ભવિન પટેલ, હર્ષ દેસાઈ, આર્યન મહેતા, યશવંત કાનાત, રેખા મોરે, વિહા નાયક, પુનિત દેસાઈ, કનૈયાલાલ ટંડેલ, સુધા પટેલ, રીટા વાઘેલા તથા જીલ ટંડેલ સહિત અનેક વાચકોએ આ પરબને સફળ બનાવ્યું હતું.

# વાપી મહાનગરપાલિકાની પ્રિમોન્સુન કામગીરીની પોલ પહેલાં વરસાદે જ ખોલી નાંખી!

**અમે અમારાં ૨૪-૬-૨૬ના લેખમાં વાપીમાં પાણીના ભરાવા અંગેની ભવિષ્યવાણી ભોખેલી તે સાચી પુરવાર થઈ છે : વર્ષોથી દેશના નાના-મોટા શહેરો અને ગામડાઓ વરસાદી પાણીમાં ડૂબતા રહે એ તંત્રની લાપરવાહીની ચાડી ખાય છે : તમામ વિભાગોના માર્ગો વરસાદની પ્રથમ થપાટમાં જ ધોવાઈ જાય એ કામમાં થયેલી લાલિયાવાડી જ બતાવે છે : વાપીમાં પીવાના પાણીની પુરવઠા યોજનામાં ખામી હોવાનો વાપી શહેર કોંગ્રેસના પ્રમુખનો આક્ષેપ : હાઈડ્રોલિક ઈજનેર કહે, વાતમાં કોઈ દમ નથી : સત્ય કયાં છુપાયું હશે ?!**

તા. ૨૪-૬-૨૬ના દમણગંગા ટાઈમ્સના અમારા લેખનું મથાું હતું, 'આડેધડ બાંધકામોએ ચોમાસાના પાણી કુદરતી વહેણ ખતમ કરી નાંખેલા હોઈ વાપીમાં પાણીના ભરાવા અંગે કોઈ ગેરન્ટી નહી...!'

વાપી મહાનગરપાલિકાએ છાતી ઠોકીને જે એમ કહેલું કે નગરમાં પ્રિમોન્સુન કામગીરી ટનાટન કરેલી હોવાથી ચાલુ ચોમાસામાં વાપીમાં વરસાદી પાણી નહીં ભરાય. પરંતુ ૧-૭-૨૬ની સવારે બે કલાક દરમ્યાન પડેલા ચાર ઈંચ વરસાદે મહાનગરપાલિકાની ખાતરી પોકળ હોવાનું પુરવાર કરી દીધું! પ્રિમોન્સુન કામગીરી પાછળ ૧ કરોડ રુપિયાનું આંધણ થયાની પણ વાત છે !

અમે આ માટે વાપી મહાનગરપાલિકાની ચુંટાયેલી બોડીને દોષ નથી દેતાં કેમ કે જૂન માસની ૨૨ તારીખે મહાનગરપાલિકાના મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન પાલિકાનો કાર્યભાર સંભાળેલો. જુન માસની ૩૦મીએ મહાનગરપાલિકાનો કારભાર સુપેરે સાંભાળી શકાય એ માટે વિવિધ સમિતિઓના ચેરમેન અને સભ્યોની વરણી થયેલી. આ જોતાં પ્રિમોન્સુન કામગીરી બાબત ચુટાયેલી બોડી ચિત્રમાં આવતી જ નથી. પ્રિમોનુન કામગીરીમાટે છાતી ફુલાનાર મહાનગરપાલિકાની અફરશાહીનું આ માટેનું ઉત્તરદાયિત્વ બની રહે છે.

અમે અમારા એ લેખમાં વાપીમાં આડેધડ થયેલાં બાંધકામના કાળાકારોએ પુરી નાંખેલા વરસાદી પાણીના કુદરતી પ્રવાહોની વિગતે ચર્ચા કરી હતી એટલે તેનો પુનરુ રચાર નહીં કરીએ. પણ વાપીમાં પાણીના ભરાવાની વાત આજની નથી.

**દમણગંગાના તીરેથી**

**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
**મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯**



વાપી નગર પંચાયત હતી ત્યારેય પાણી ભરાતા હતાં અને ૩૫ વર્ષના નગરપાલિકાના શાસન દરમિયાન પણ વરસાદી પાણી ભરાવાની બાબતમાં કોઈ ફરક પડયો નથી.

વાપીમાં વર્ષો સુધી વરસાદની મોસમમાં મહાત્મા ગાંધી રોડ ઉપર ઉભરાયેલું પાણી કશીય રોકટોક વિના દુકાનો અને રહીશોના ઘરમાં થઈ વાપી બજારના મુખ્ય રોડ ઉપર વહેતુ રહેતું ! ચલામાં પણ વરસાદના પાણી સોસાયટીઓના કમ્પાઉન્ડમાં ઉભરાતુ રહેતું. ચલાની ખનકીની આપાસના માર્ગો પણ પાણીમાં ગરક થઈ જતા આવી સ્થિતિ વચ્ચે પાણીના સરળ નિકાલનો ઈલાજ કરવાના બદલે વાપી નગરપાલિકાનો ઈલાજ કરવાના બદલે વાપી નગરપાલિકાએ કેટલાંક બિલ્ડર, ડેવલપરની સ્વાર્થી યોજનાને મંજૂરી આપેલી જે ચલાની આ ખનકીના પાણીના વહેણને ભારે અવરોધ કરે એમ હતું. વાપી નગરપાલિકાને આવી કઈ મંજુરી (ખનકી ઉપર કારપાર્કિંગ માટે સ્લેબ બનાવવાની) સત્તા જ નહોતી. પરંતુ ચાલાકી વાપરી શરતી મંજુરી આપેલી! કેટલાક જાગૃત અખબારોએ આ ખેલ બાબત ઉહાપોહ મચાવતાં સ્લેબ માટે બિલ્ડરોએ ઉભા કરેલાં ૮૦ જેટલાં પિલરો હઠાવી દેવા પડયા હતાં ! 'વાડ જ ચિભડા ગળે' ત્યાં કોને કહેવું!

આજે તો અગાઉ કરતાં જેની લાઠી તેની ભેંસ જેવું તાંડવનૃત્ય વધુ પડતુ ચાલતુ હોવાથી નાના મોટા શહેરો અને ગામડાઓમાં પાણી ઉભરાતા તે સરોવરનુ રૂપ ધારણ કરે છે. સ્થિતિ તેટલી વણસી ગઈ છે કે થોડા વરસાદમાં જ રાજયધોરી માર્ગો, પુલો, રાષ્ટ્રીય ધોરી માર્ગો અને એક્ષપ્રેસ હાઈવે જેવા માર્ગો છાણના લિપણની જેમ ધોવાઈ જતાં હોય છે. ચોમાસામાં આવો દાંડિયા રાસ વર્ષોથી ચાલી રહ્યો છે. થોડા વરસાદમાં જ જનજીવન ઠપ્પ થઈ જાય છે. છતાં સંબંધિત શાસકોના પેટનું પાણી હાલતુ નથી. પુલો અને માર્ગોની દુર્દશા માટે એક પણ ઠેકેદારને જવાબદાર ઠેરવવામાં આવતો ન હોવાથી રસ્તાઓ અને પુલોના નબળા કામની લીલા બેરોકટોક ચાલતી રહે છે.

તા. ૧-૭-૨૬ના દિને વાપીમાં કલાકના વરસાદમાં જ ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાયા. વાપીના ઘણા વિસ્તારોમાં વરસાદી પાણી ઘરોમાં ઘૂસી ગયા. વાપીનો, વરસદી પાણીમાં ડુબવા માટે વર્ષોથી નામચીન જે ટાઈપ રેલ્વે અન્ડરબ્રિજ પણ ડૂબ્યો. બલિઠાના નવા રેલ્વે અન્ડરબ્રિજનો એપ્રોચ માર્ગ પહેલાં વરસાદમાં જ બેસી જતાં ટ્રાફિકની મોકાણ સર્જાઈ હતી. ચણોદથી દાદરા સુધીના માર્ગો ચલાનો કસ્ટમ રોડ, વાપી મુખ્ય બજારના રોડ ઉપર પાણી ભરાયા હતાં. જે ટાઈપના નિર્માણાધિન રેલ્વે ઓવરબ્રિજની નીચેનો રસ્તો તો વાપીની શરમ જેવો બની રહ્યો હતો. ડામરની જગ્યાએ પાણીથી ઉભરાતા ખાડાઓ જ નજરે પડતાં હતાં. વાપી બજાર રોડની દુકાનોમાં પણ પાણી ભરાતા વેપારીઓ મહાનગરપાલિકા સામે રોષ વ્યકત કરતાં જોવા મળ્યા હતાં.

વાપી આઝાદનગરના આદર્શધામ બિલ્ડીંગ પાસેના સર્વિસ રોડ ઉપરના ઘરોના કમ્પાઉન્ડમાં પાણી ઘૂસી ગયા હતાં. આ ન્યુસન્સ દરેક ચોમાસાનું છે. અહીં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા જ નથી !

નગરપાલિકા અને મહાનગરપાલિકાના કારભારીઓ જુના રોડ ઉપરના ડામર ઉપર નવો ડામર પાથરી દેવાનો સીધો રસ્તો અપનાવતા હોવાથી પાણી આસપાસના નિવાસસ્થાનોમાં પોતાનો રસ્તો કરી લે છે! ખરેખર તો જુનો ડામર રોડ ખોદીને નવો ડામર પાથરવો જોઈએ પણ રેઢિયાળ કામો બદલ તંત્રમાં કાન આમળવાવાળુ જ કોઈ નથી!

છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણે જોઈએ છીએ કે ગુજરાત સહિત દેશના તમામ રાજયોના નાનામોટા શહેરો અને ગામડાઓ વરસાદી પણીનો નિકાલ અવરોધાતા જળબંબાકાર બની રહ્યાં છે. વરસાદની મોસમમાં ખેતરોમાં પાણી પથરાતા ખેતી પાયમાલ થતી રહે છે. વીજકરન્ટ લાગવાના કારણે પાણી મોતનો માતમ સર્જાય છે. વૃક્ષો પડવાના કારણે પણ કિમતી માનવ જિંદગી હતી ન હતી થઈ જાય છે. ખાડાઓના કારણે પણ વાહનચાલકો મરે છે. ખેડૂતોનું કિંમતી પશુધન પણ જળસમાધિ લેતાં રહે છે. ગામડાઓનું શહેરીકરણ કરના પાગલપણાના કારણે ગામડઓ વિશાળ સરોવર બનતાં રહ્યાં છે. કયાંક આયોજિત વિકાસ જ નથી. આયોજિત વિકાસના નામે ગોરખધંધા જ ચાલી રહ્યાં હોવાની માન્યતા પ્રજામાં દ્રઢ થતી જાય છે.

થોડા વરસાદમાં વલસાડ પણ ડૂબ્યુ! વલસાડ જિલ્લામાં અને અન્યત્રા દુર્ઘટના સમયે મદદરૂપ બનવા એનડીઆરએફની ફોજને તૈયાર રાખવામાં આવી એ રડયા પછીનું ડહાપણ કહવાય. ખરેખર તો નાના મોટા શહેરો અને ગામડાઓમાં વરસાદી પાણીના નિકાલની જડબેસલાક વ્યવસ્થા કરવાની વાતને પ્રાધાન્ય આપવું જોઇએ પણ તેમ થતુ નથી. વર્ષોથી દેશના રાજયોના શહેરોમાં જુદી જુદી દુર્ઘટનાઓ સર્જાતી રહે છે. અગ્નિકાંડો તો હવે સામાન્ય બની ગયા છે. કાનુનનો જાણે કોઈને ડર જ રહ્યો નથી. ગુનાખોરીનુ નગ્નનૃત્ય વણથંભ્યુ ચાલતુ રહે છે. છતાં કહીએ છીએ મેરા ભારત મહાન !

આપણા દેશમાં જાણે માનવ જિંદગીની કોઈ કિંમત જ નથી. અને એટલે જ દર વર્ષે દેશના લાખો નાગરિકો અન્ય દેશોના નાગરિત્વ પાછળ દોડ મુકતા રહે છે.

## વાપીમાં પીવાના પાણી અંગેના વિવાદ પાછળ સત્ય કયાંક તો છુપાયું જ હશે !

હમણા હમણાં વાપી મહાનગરપાલિકાની પાણી પુરવઠા યોજના બાબતમાં વિડિયોજંગ ચાલી રહ્યાનું જણાયું છે. વાપી શહેર કોંગ્રેસના પ્રમુખ મહેશભાઈ શાહનું કહેવું છે કે પાણી પુરવઠા યોજનાના સ્થળે એવી ગંદકી જોવા મળે છે કે આ પેયજળ આમ જનતા માટે જોખમી બની શકે. તેમણે એવી વાત પણ કરી કે તેઓ પાસે આ એક જ નહીં બીજા વિડિયો પણ છે કે જે પાણી બાબતની લાપરવાહી છતી કરે એમ છે. કોંગ્રેસ પ્રમુખે પાણી પુરવઠા સ્થળના સંદર્ભમાં રાઈટ ટુ ઈન્ફોર્મેશન ધારા-૨૦૦૫ મુજબ મહાનગરપાલિકા પાસે કેટલીક વિગતો પણ માંગી હોવાનું જાણવા મળે છે.

બીજી તરફ મહાનગરપાલિકાના હાઈડ્રોલિક ઈજનેર સંજયઝાએ કોંગ્રેસ પ્રમુખની વાતનું ખંડન કર્યુ છે.

સંજય ઝા કહે છે કે પાણી પુરવઠા યોજનામાં જે પાણીનું શુદ્ધિકરણ થાય છે તે ઘણી બધી પ્રક્રિયામાંથી પસાર થાય છે અને પ્રજાજનોને જે પેયજળ પુરુ પડાય છે તે પુરેપુરું સલામત હોય છે.કોંગ્રેસના વાપી શહેર કોંગ્રેસના પ્રમુખ મહેશ શાહ એક જવાબદાર પદાધિકારી છે અને મહાનગરપાલિકાના હાઈડ્રોલિક ઈજનેર સંજય ઝા પણ એક ખુબ જ જવાબદાર અધિકારી છે એટલે આ બે દોષારોપણ વચ્ચેનું સત્ય શોધવું રહ્યું!

# પારકા રોટલે ભગવાન ન મળે

(ગતાંકથી શરુ)

ખરીદરસ તો કુદરતે જ મૂક્યો છે. માણસને નવુંનવું ખરીદવાનું મન થયા જ કરતું હોય છે. આમ કરવાથી બજારમાં નવીનવી વસ્તુઓ આવે છે. નવી સગવડો વધે છે અને વિકાસ થાય છે.

કશું ન ખરીદનારો કે પછી વર્ષો સુધી જૂની વસ્તુઓથી કામ ચલાવનારો પ્રગતિને પ્રોત્સાહન નથી આપતો. પણ આ કુદરતવિરોધી છે. રંગીન ટી.વી. આવે એટલે બ્લૅક એન્ડ વ્હાઈટ કાઢી નાખવાનું મન થાય જ. આ કાઢી નાખેલાં ટી.વી. ઝૂંપડપટ્ટીઓમાં ચાલ્યાં જશે. નવાં રંગીન ટી.વી.ઓમાં પણ જેમજેમ નવાં મોડેલો આવશે તેમ તેમ નવાંનવાં ખરીદવાનું મન થશે. આ સારું જ છે. આમ કરવાથી વિકાસને પ્રોત્સાહન મળશે. એટલે ખરીદરસ તો કુદરતે પોતે જ મૂકેલો છે. તેથી તો અર્થતંત્ર ચાલે છે. ટી.વી.માં આવતી હાનિકારક ચૅનલોનો વિરોધ હોય. પણ પૂરા ટી.વી.નો નહિ. પેલી ચૅનલો બંધ કરાય કે પછી લોક કરાય, ર.વીને ફેંકી ન દેવાય. ફેંકી દેવાથી જ્ઞાનવિકાસ અટકી જશે.

સમૃદ્ધ અર્થતંત્રનો મોટો શત્રુ અતિરેકભર્યો કરભાર છે.

પહેલાં ગાંધીવાદ, પછી સામ્યવાદ અને પછી સમાજવાદના રવાડે ચઢેલો આપણો દેશ, ગરીબી હઠાવવા માટે શ્રીમંતોને ચૂસવા માંડ્યો. જેથી ગરીબો રાજી થાય ગરીબોને લાભ ભલે ન થાય પણ શ્રીમંતોના શોષણથી તેમને આશ્વાસન મળે કે સરકાર શ્રીમંતોની નથી. શરૂઆતમાં ૮૦થી ૮૫ ટકા ઈન્કમટેક્સ વગેરે હતા. એક લાખ કમાવ અને એંશી–પંચાસી હજાર સરકારને ભરી દો. આ શોષણથી પીળું નાણું વધ્યું. કરચોરી વધી, દરોડા વધ્યા, ભ્રષ્ટાચાર વધ્યો. ધન કમાવાનો ઉત્સાહ ઘટયો ધન કમાઈકમાઈને જો સરકારને જ આપી દેવાનું હોય તો ધન કમાવાનો અર્થ જ નથી. વર્ષો સુધી આવો વ્યવહાર થતો રહ્યો. જેથી અર્થતંત્રને ભારે ફટકો પડ્યો. આ ફટકો ખરેખર તો ગરીબોને જ પડ્યો. કારણ કે મૂડીરોકાણ ન થયું જેથી રોજીઓ ન થઈ. હવે ઘણું પરિવર્તન આવ્યું છે. સારું છે. હજી પણ સુધારવાની જરૂર છે.

હોંગકોંગ–તાઈવાન જેવા દેશોમાં વધુમાં વધુ ૧૮ ઈન્કમટેક્સ છે. કરોડો કમાવ અને આટલો ટેક્સ ભરી દો. પછી કોઈ દરોડો નહિ. કોઈ કાળું નાણું નહિ. અરે, દુબાઈમાં તો એક પૈસો પણ ઈન્કમટેક્સ નહિ. જેટલું કમાવ એ બધું તમારું. વિશ્વભરનું નાણું દુબાઈમાં ઠલવાય છે. દુબાઈ સમૃદ્ધ થયું છે તેનું કારણ માત્ર પેટ્રોલ પેદાશ નહિ પણ તેનું અર્થતંત્ર પણ છે. ટેક્સ ફ્રી અર્થતંત્ર સંપત્તિ ખેંચે છે. સમૃદ્ધિ વધે છે.

ખરેખર તો 'ગરીબી હટાવો એવું સૂત્ર નહિ પણ શ્રીમંતો વધારો એવું સૂત્ર હોવું જોઈએ. શ્રીમંતાઈથી રોજીઓ વધે છે. રોજીઓ વધવાથી ગરીબાઈ હટે છે. આ વાત સમજવી જોઈએ.

જેની પાસે જો કાંઈ ક્ષમતા હોય તેને તેની ક્ષમતાના પ્રમાણમાં લાભ અને તક મળવાં જોઈએ. તેની ઈર્ષ્યા કે દ્વેષ ન હોય.

આપણે સફળ અર્થતંત્રની રાહ સ્વીકારવી જોઈએ. સામ્યવાદી અર્થતંત્ર નિષ્ફળ ગયું તે સૌ જાણે છે. ગાંધીવાદી અર્થતંત્ર પણ ક્યાય દેખાતું નથી. જેમ ગાંધીટોપી લુપ્ત થઈ ગઈ તેમ ગાંધીજીનો ચરખો (અર્થતંત્ર) પણ લુપ્ત થઈ ગયો. જે વાસ્તવિક હશે તે જ ટકશે. તે જ ચિરંજીવી થશે. આપણે પશ્ચિમી અર્થતંત્ર સ્વીકારવું જોઈએ. ને લગભગ જ્યારથી સ્વીકારી લીધું છે ત્યારથી પ્રજા વધુ સુખી થઈ છે. હવે પહેલાં જેવી બેકારી કે ભૂખમરો નથી રહ્યો. જેને કામ કરવું છે તે સૌને કામ મળી રહે છે.

**વાસ્તવિકતા**



**સ્વામી સચ્ચિદાનંદ**

જ્યાં મૂડીની સુરક્ષા નથી હોતી ત્યાં મૂડીરોકાણ નથી થતું. પ. બંગાળ, કેરળ, બિહાર વગેરે રાજ્યોમાં જઈને જુઓ, કોઈ ઉદ્યોગપતિ મૂડી રોકવા આવતો નથી, તેથી પ્રજા ગરીબ છે. આ ભાગની પ્રજા દેશના બીજા ભાગોમાં ભાગી રહી છે. જ્યાં સુરક્ષા અને રોજી હોય ત્યાં સર્વધર્મ સમભાવ નહિ પણ સર્વધર્મસહિષ્ણુતા જરૂરી છે. બધા ધર્મોને એકસરખા માનવા એ ટકે શેર ભાજી અને ટકે શેર ખાજાં જેવો વ્યવહાર કહેવાય. પણ સારા ધર્મો ન હોય તોપણ સાથે રહેવું છે માટે એકબીજાને સહન કરીને જ રહી શકાય એ ન્યાયથી એકબીજાના દોષો કે અપલક્ષણોને સહન કરવાં હિતાવહ છે. આ સહિષ્ણુતા છે, પણ તાળી બે હાથે વાગે, એક હાથે નહિ. એક હાથની તાળી સફળ ન થાય. આપણે તેવું જ કર્યું છે.

ધર્મોનું ખંડન કરવાથી ખંડન નથી થતું. તેમ કરવાથી પ્રત્યક્ષ ખંડન કરવા કરતાં તેને સહન કરીને ચાલવું હિતાવહ છે.

જે ધર્મો સહિષ્ણુ નથી હોતા પણ શક્તિશાળી થતાં જ આક્રમક બને છે અને બીજા ધર્મોનું દમન કરે છે. તેમનો વિરોધ થવો જોઈએ, બધા ધર્મોને ફળવા-ફૂલવા વિકસવાનો હક છે.

ધર્મનો સુધારો હોય, ઉચ્છેદ ન હોય. ધર્મ, મદદ આધારિત હોય છે. શ્રદ્ધાનું રક્ષણ હોય. અંધશ્રદ્ધાથી મુક્તિ હોય, શ્રદ્ધાથી મુક્તિ નહિ શ્રદ્ધાહીન વ્યક્તિ કરતાં અંધશ્રદ્ધાળુ વધુ ખોટો નથી હોતો. ભારત અને હવે તો પૂરું વિશ્વ બહુધર્મી થયું છે. એટલે એકબીજાને સહન કરીને જ સાથે રહી શકાશે. જે ધર્મ પ્રત્યક્ષ આતંકવાદીઓ પેદા કરે છે કે પ્રેરણા આપે છે, તેને સુધારવો જોઈએ. તે કામ ધર્મગુરુઓ કરી શકે છે.

ધાર્મિક શોષણ કરનારા ગુરુઓને સહન ન કરાય. જે લોકો ધર્મના નામે આર્થિક કે વૌન શોષણ કરતા હોય તેમને પડકારવા જોઈએ. જે ધર્મમાં માનવતા હોય જ નહિ તે સોનાનાં શિખરોવાળો હોય તોપણ મડદા બરાબર છે. જે ધર્મ લોકોનાં ઘર તોડાવતો હોય, સંસાર ઉજ્જડ કરતો હોય તેને મહત્ત્વ ન અપાય, તેનાથી દૂર રહેવાય. જે ધર્મ લોકોને કામ-ધંધો છોડાવીને પરાશ્રિત-પરાવલંબી જીવન જિવાડતો હોય તેને મહત્ત્વ ન અપાય. જે ધર્મ નાનાં-અબોધ બાળકોને સાધુદીક્ષા આપવાને પ્રોત્સાહન આપતો હોય તે જાણતાં-અજાણતાં બાળહત્યા કરી રહ્યો છે. તેને સુધારવાની જરૂર છે. લોકોને ઉત્પાદકશ્રમ અને જ્ઞાન-વિજ્ઞાન તરફ વાળવા જોઈએ. નિષ્ક્રિયતા, ભારરૂપ જીવન આપે છે. તેનાથી બચવું જોઈએ. હંમેશાં પોતાની મહેનતનો અને હકનો રોટલો ખાવાની ભાવના રાખનારો ભક્ત જ ભગવાન સુધી વહેલો પહોંચતો હોય છે. પારકા રોટલે ભગવાન ન મળે. પરાધીનતા જ મળે. મોક્ષ માટે નિર્દોષ સન્નારીનો ત્યાગ ન કરાય. કદાચ કર્યો હોય તો તેને આદર્શ ન બનાવાય. પોતાનો મોક્ષ બીજા માટે નરક ન થઈ જાય, તેનું ધ્યાન રાખવું જરૂરી છે. પતિ-પત્ની બન્ને મળીને સંસાર ભોગવી શકે છે. તો બન્ને મળીને મોક્ષ પણ સાથે જ મેળવી શકે છે. બન્નેનો સાથ-સહયોગનો કદી વિચ્છેદ ન કરાય. હા, ભયંકર દોષો હોય તો જ વિચ્છેદ કરાય. આ લોકને બગાડીને પરલોક ન સુધારાય. આ લોકને સુધારીને જ પરલોક સુધારી શકાય. આ લોક માત્ર દુઃખદાયી નથી. સુખદાયી પણ છે જ. સુખો વધારવાં તે સાધના છે.

(વધુ આવતા અંકે)

● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ● ● ફિલ્મ જગત ●

## ૪૮ કલાકમાં જ ઓટીટી પરથી હટાવાઈ

# દિલજિત દોસાંઝની ફિલ્મ 'સતલુજ'ને ભારતમાં અટકાવી દેવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૭

એક્ટર અને ગાયક દિલજીત દોસાંઝની બહુચર્ચિત ફિલ્મ 'સતલુજ' તેનાં ડિજિટલ પ્રીમિયર પછી માત્ર 48 કલાકમાં જ ભારતમાં ZEE5 પરથી હટાવી દેવામાં આવી છે. જોકે, ફિલ્મ હજુ પણ ભારત બહારના કેટલાક દેશોમાં સ્ટ્રીમિંગ માટે ઉપલબ્ધ છે.3 જુલાઈ, 2026ના રોજ ઓટીટી પર રિલીઝ થયેલી આ ફિલ્મને દર્શકો તરફથી સારો પ્રતિસાદ મળ્યો હતો. પરંતુ 5 જુલાઈની સાંજે પ્લેટફોર્મે જાહેરાત કરી કે વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ફિલ્મને ભારતમાં આગામી સુચના સુધી અટકાવવામાં આવી રહી છે. જોકે, આ નિર્ણય પાછળનું ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી. સાથે જ ફિલ્મ ઓનલાઈન લીક પણ થઈ ગઈ છે.ફિલ્મ હટાવ્યા બાદ દિલજીત દોસાંઝે સોશિયલ મીડિયા પર પહેલી વખત પોતાના વિચાર જાહેર કર્યા છે. તેણે ફિલ્મની એક તસવીર શેર કરીને લખ્યું, "હું અંધકારને પડકારું છું" સાથે જ પંજાબીમાં લખ્યું કે, "સતલુજ સાથે જે થયું, તે જ શહીદ જસવંત સિંહ કાલરા સાથે પણ થયું હતું."બાદમાં ઈન્સ્ટાગ્રામ લાઈવ દરમિયાન દિલજીતે જણાવ્યું કે તેને પહેલાંથી જ શંકા હતી કે ફિલ્મ પર કોઈ કાર્યવાહી થઈ શકે છે.તેણે કહ્યું, "મને લાગતું હતું કે સોમવારે કચેરીઓ ખુલ્યા પછી ફિલ્મ પર પ્રતિબંધ લાગી શકે, પરંતુ એવું રવિવારની સાંજે જ થઈ જશે એવી કલ્પના નહોતી."દિલજીતે વધુમાં જણાવ્યું કે ફિલ્મના ભવિષ્ય અંગેની અનિશ્ચિતતાને કારણે ટીમે ઈરાદાપૂર્વકને મોટાપાયે પ્રમોશન કર્યુ નહોતું, કારણ કે અમને ડર હતો કે તેનાથી ફિલ્મની રિલીઝ પણ અટકી શકે.તેણે સંતોષ વ્યક્ત કરતાં કહ્યું કે, "કમસે કમ લોકો સુધી અમારી ફિલ્મ પહોંચી અને ઘણા લોકોએ તે જોઈ પણ લીધી. કેટલાક લોકોએ તો ગુરુદ્વારામાં પ્રોજેક્ટર પર ફિલ્મ બતાવી હતી, જે જોઈને મને ખૂબ આનંદ થયો."ડિજિટલ યુગનો ઉલ્લેખ કરતાં તેણે ઉમેર્યુ, "એકવાર કોઈ વસ્તુ ઈન્ટરનેટ પર આવી જાય પછી તેને સંપુર્ણપણે દૂર કરવી મુશ્કેલ છે."ZEE5એ પોતાના નિવેદનમાં જણાવ્યું કે ફિલ્મને દર્શકો તરફથી મળેલો પ્રતિસાદ અત્યંત ઉત્સાહજનક રહ્યો છે અને પ્લેટફોર્મ ફિલ્મ તથા તેના સર્જકોની દ્રષ્ટિ સાથે અડગ ઊભું છે.નિવેદનમાં જણાવાયું છે કે, "વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'સતલુજ' ભારતમાં આગામી સુચના સુધી ઉપલબ્ધ રહેશે નહીં. ફિલ્મને ફરીથી દર્શકો સુધી પહોંચાડવા માટે તમામ યોગ્ય કાનૂની માર્ગો અપનાવવામાં આવશે."'સતલુજ' પંજાબના માનવ અધિકાર કાર્યકર જસવંત સિંહ ખાલરાના જીવન પરથી પ્રેરિત છે.




ખાલરાએ 1990ના દાયકામાં પંજાબમાં હજારો અજાણ્યા શીખ યુવાનોના કથિત ગેરકાયદેસર એન્કાઉન્ટર અને સામુહિક અંતિમ સંસ્કારના કિસ્સાઓને ખુલ્લા પાડ્યા હતા. બાદમાં 1995માં તેઓ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયા હતા.ફિલ્મમાં દિલજીત દોસાંઝ મુખ્ય ભુમિકામાં છે, જયારે અર્જુન રામપાલ, સુવિંદર વિક્કી, ગીતિકા વિદયા ઓહલ્યાન અને કન્વલજીત સિંહ પણ મહત્વપૂર્ણ ભુમિકાઓમાં જોવા મળે છે.ફિલ્મ વર્ષો સુધી વિવાદોમાં રહી હતી. અહેવાલો મુજબ, કેન્દ્રીય ફિલ્મ પ્રમાણપત્ર બોર્ડ એ ફિલ્મમાં 120થી વધુ ફેરફારો સુચવ્યા હતા. તેમાં પંજાબ અને પંજાબ પોલીસના સંદર્ભો દૂર કરવા તેમજ મુખ્ય પાત્રની ઓળખ સંબંધિત ફેરફારો કરવાની સચના પણ સામેલ હતી.ફિલ્મના ડિરેક્ટર હની ત્રેહાને જણાવ્યું કે જસવંત સિંહના પત્ની પરમજીત કૌરે ફિલ્મ જોયા બાદ પહેલા તેમને કહ્યું હતું કે ફિલ્મમાં બધું જ સ્ક્રિપ્ટ મુજબ સાચી રીતે દર્શાવવામાં આવ્યું છે.

## ડાઉનલોડ થઈ ગઈ છે, કોઈ રોકી નહીં શકે : દિલજીત



(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૭ : પંજાબી સિંગર અને સુપરસ્ટાર દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલુજ' હાલમાં સોશિયલ મીડિયા પર જોરદાર ચર્ચાનો વિષય બની ગઈ છે. છેલ્લા ૪ વર્ષથી સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)નાચક્કરમાં અટકેલી આ ફિલ્મ શુક્રવારે અચાનક કોઈપણ જાહેરાત કે પ્રમોશન વિના ઓટીટી પ્લેટફોર્મ 'ઢઈઈપ' પર રિલીઝ કરી દેવામાં આવી હતી. જોકે, રિલીઝના ગણતરીના ૪૮ કલાકની અંદર જ આ ફિલ્મને પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી છે. આ મોટો ઝટકો લાગ્યા બાદ દિલજીત દોસાંઝે ઈન્સ્ટાગ્રામ પર લાઈવ આવીને પોતાનો આક્રોશ ઠાલવ્યો છે અને પ્રતિક્રિયા આપી છે.ફિલ્મ અચાનક હટી જવા અંગે દિલજીતે લાઈવમાં જણાવ્યું કે, 'જે વાતનો અંદાજ મને શુક્રવારે જ હતો, તે હવે થઈ ચૂક્યું છે, તેથી મને કોઈ આઘાત લાગ્યો નથી. મને એમ હતું કે સોમવારે જ્યારે સરકારી ઓફિસો ખુલશે ત્યારે આ ફિલ્મ પર બેન લાગશે, પણ રવિવારે સાંજે જ તેને હટાવી દેવાશે તેનો અંદાજ નહોતો.

આપનું અખબાર : આપનો અવાજ
DGT

# પારડી તાલુકા વિશેષ

Wednesday 08, July 2026

- પારડી
- ઉદવાડા
- વાઘછીપા
- પરીયા

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes@yahoo.co.in





## પારડીમાં અધુરી પ્રિમોન્સુન કામગીરીથી પાણી ભરાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી હરિયાવાડ માં હળપતિવાસ તેમજ કચ્છી કોલોની અને પારસી અગિયારી વોર્ડ નં-૪ માં ભારે વરસાદના કારણે પાણી ભરાઈ ગયા હતા આ પાણી પારડી એસ.ટી.ડેપો માંથી હાઈવે ની ગટરો માં જાય છે. ત્યાં અધુરી પ્રિમોનસૂન કામગીરી ના કારણે પાણીનો નિકાલમાં અવરોધ સર્જાયો હતો પારડી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ કપિલભાઈ હળપતિ અને એમની ટીમ દ્વારા હરિયાવાડ વિસ્તારમાં જાતે જ વરસાદી પાણીનો નિકાલ વહીવટી તંત્રના સથવારે કરાવવામાં આવ્યુ હતું. જોકે એમણે આક્ષેપ કર્યા હતા કે, વહીવટી તંત્ર એમની રજૂઆત બાદ મોડેથી આવ્યા હતા.

## મોતીવાડા રેલ્વે ફલાય ઓવરબ્રિજ પર પહેલાં વરસાદે જ ગાબડાં પડયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધ)

**પારડી, તા. ૦૭ :** પારડી તાલુકાના મોતીવાડા ગામમાં આવેલ રેલવે ફ્લાવર બ્રિજમાં વરસાદની શરૂઆત થતાની સાથે જ ગાબડા પડી ગયા છે.

જે ગાબડા વહીવટી તંત્ર દ્વારા વાહન ચાલકોના હિતમાં રિપેર કરવામાં આવે ખૂબ જ જરૂરી બની ગયું છે અહીં મોતી વાડા રેલવે ફલાઈવર બ્રિજ ઉપર થી દરરોજ ઉદવાડા પંથકના ગામડાઓ જેમકે પલસાણા રેટલાલ કીરકલા ઉદવાડા ગામ





કોલક અને દમણના મોટીવાકડ તરફ જતા વાહન ચાલકો ગ્રામજનો પ્રસાર થાય છે હાલમાં ભારે વરસાદ પડી રહ્યો છે ત્યારે મોતીવાડા રેલવે બ્રિજ પર મોટા ગાબડા પડી ગયા છે જેના કારણે ભર વરસાદમાં પ્રસાર થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે. વળી અકસ્માત થવાની પણ સંભાવના છે ગાબડાના લીધે ટ્રાફિક જામ પણ થાય છે જેથી વાહનચાલકોના હિતમાં ગ્રામજનોના હિતમાં વહીવટી તંત્ર દ્વારા પડી ગયેલા ગાબડા રિપેર કરવામાં આવે એ ખૂબ જ જરૂરી બની ગયું છે.

## પારડી શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત વિદ્યાલયમાં ૧૪મો પ્રવેશોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડીમાં સ્વાધ્યાય મંડળ સંચાલિત શ્રી બ્રહ્મર્ષિ સંસ્કૃત મહાવિદ્યાલયના નવા શૈક્ષણિક વર્ષના વિદ્યાર્થીઓના સ્વાગત માટે ૧૪મો પ્રવેશોત્સવ સાતવળેકર હોલ માં સ્વાધ્યાય મંડળ પારડી ખાતે યોજાયો હતો આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી ટેંડેલ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત સરસ્વતી વંદના અને દીપ પ્રાગટ્યથી થઇ હતી. વિશેષ અતિથિ તરીકે એડવાન્સ કુલિંગ ટાવર પ્રા.લિ.ના અધ્યક્ષ ત્રિલોક મિસ્ત્રી,વાપીના ઉદ્યોગપતિ પાર્થિવ મહેતા, ટ્રસ્ટી રાજેશ રાણા, નિયામક ભાવેશભાઈ જોષી, પાર્થભાઈ ભટ્ટ હાજર રહ્યાં હતા. પારડી મહાવિદ્યાલય દ્વારા સંસ્કૃત અને વૈદિક સંસ્કૃતિના સંવર્ધનના ઉદ્દેશ સાથે યોજાનારા આ પ્રવેશોત્સવમાં અભ્યાસીઓ, વાલીઓ તથા શુભેચ્છકોને ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ અધિકારી રાજેશ્રી ટંડેલે જણાવ્યું હતું કે નવી શિક્ષણનીતિમાં પણ સંસ્કૃતને મહત્વ આપવામાં આવ્યું છે. જિલ્લામાં આ સંસ્થા ગૌરવ વધારી રહી છે.દર વર્ષે નવા ઋષિકુમારોને પ્રવેશ આપવામાં આવે છે. વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃતિમાં પણ ઋષિકુમારો ઉજળો દેખાવ કરે છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મેહુલભાઈ મેહતાએ કર્યું હતું.



## પારડી વરિષ્ઠ નાગરિક મંડળે ડોકટરોનું સન્માન કર્યુ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી વરિષ્ઠ નાગરિક મંડળ દ્વારા પહેલી જુલાઈ ડોક્ટર ડે નિમિત્તે પારડી ના સેવાભાવી ડોક્ટર ભાઈ બહેનો નો સન્માન કરી એમની સેવાને બિરદાવવામાં આવી હતી પારડી પંથકમાં વર્ષોથી લોકોની આરોગ્યની કાળજી લઈ રહેલા સેવાભાવી ડોક્ટર એમ એમ કુરેશી ડોકટર કુરેશા એમ કુરેશી ડોક્ટર પ્રફુલભાઈ મહેતા સહિત ડોક્ટર ભાઈ બહેનોનો પહેલી જુલાઈ ડોક્ટર ડે નિમિત્તે પારડી વરિષ્ઠ નાગરિક મંડળના પ્રમુખ એન કે દેસાઈ ઉપપ્રમુખ મહેશભાઈ દેસાઈ મંત્રી પ્રફુલભાઈ લાડ ખજાનચી દલપતભાઈ ચાપાનેરી સહ ખજાનચી, જયંતીભાઈ પ્રજાપતિ વગેરે મંડળના સભ્યો દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કરવામાં આવ્યો હતો અને સમાજ પ્રત્યે આરોગ્ય લક્ષી સેવાઓ આપી રહેલા ડોક્ટરોને બિરદાવવામાં આવ્યા હતા ડોક્ટરોએ પણ એમના દ્વારા કરવામાં આવેલ સન્માનને ભાવથી સ્વીકારી લીધો હતો.

## ડો. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે પારડીમાં ભાજપાનું કાર્યકર્તા સંમેલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** ડો. શ્યામાપ્રસાદ મુખરજીની ૧૨૫મી જન્મ જયંતી નિમિત્તે વલસાડ જિલ્લા ભાજપ દ્વારા પાર્ટીમાં આવેલ માજી વડાપ્રધાન મોરારજી દેસાઈ ઓડિટોરિયમ હોલમાં ભવ્ય કાર્યકર્તા સંમેલન યોજવામાં આવ્યુ હતું જિલ્લા પ્રમુખ હેમંતભાઈ કંસારાની આગેવાની હેઠળ આયોજન કરવામાં આવ્યો વિશાળ સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય વક્તા ડો. જગદીશભાઈ પટેલે રાષ્ટ્રવાદી વિચારધારા અને ડો. મુખરજીના જીવન ચરિત્ર પર માર્ગદર્શન આપ્યું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાની સક્ષમ આગેવાની હેઠળ પારડી મોરારજી દેસાઈ ઓડિટોરિયમ ખાતે આ કાર્યક્રમ ઉત્સાહભેર સંપન્ન થયો હતો, કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા પ્રદેશના અગ્રણી ડો. જગદીશભાઈ પટેલે રાષ્ટ્ર નિર્માણમાં ડો. મુખરજીના બલિદાન અને તેમના વિચારો પરઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા અને શિલ્પેશભાઈ દેસાઈએ પણ ડો. શ્યામાપ્રસાદ મુખરજીના અપ્રતિમ જીવન ચરિત્ર, એક દેશમાં બે વિધાન અને બે પ્રધાન સામેના તેમના સંઘર્ષ તથા દેશની અખંડિતતા માટેના તેમના યોગદાન અંગે ઉપસ્થિત કાર્યકર્તાઓને વિગતવાર માહિતગાર કર્યા હતા આ સંમેલનમાં પક્ષના અનેક વરિષ્ઠ હોદ્દેદારો અને જનપ્રતિનિધિઓએ વિશેષ હાજરી આપી હતી હતી,

સંમેલનમાં અરવિંદભાઈ પટેલ પ્રદેશ ઉપપ્રમુખ અને ધરમપુરના ધારાસભ્ય સોનલબેન સોલંકી જૈન પ્રદેશ મંત્રી મહેન્દ્રભાઈ ચૌધરી પ્રદેશ એસ.ટી મોરચાના મહામંત્રી કમલેશભાઇ પટેલ જિલ્લા મહામંત્રી વિપુલભાઈ ભોયા જિલ્લા મહામંત્રી જીતેશભાઈ પટેલ કાર્યક્રમના ઇન્ચાર્જ શિલ્પેશભાઈ દેસાઈ હેતલબેન પટેલ વલસાડ જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ પટેલ વલસાડના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી કપરાડાના ધારાસભ્ય ધ્રુવીનભાઈ પટેલ પ્રદેશ યુવા મોરચા કોષાઅધ્યક્ષ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા સંગઠનના તમામ હોદ્દેદારો,વાપીના મેયર દક્ષાબેન પટેલ સહિત વિવિધ મંડળના પદાધિકારીઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ચૂંટાયેલા સભ્યો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર ઓડિટોરિયમ દેશભક્તિ અને પક્ષના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું અને આગામી સમયમાં સંગઠનને વધુ મજબૂત કરવાનો સંકલ્પ લેવાયો હતો.

## પારડીની જે.પી. પારડીવાલા કોલેજમાં ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડીમાં આવેલ જે પી પારડીવાલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ માં એફ.વાય.બી.એ અને એફ.વાય.બી.કોમમાં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો બંને કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ટી.વાય.બી.કોમ બી.એ. માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓએ માથા પર તિલક અને બોલપેન આપી આવકાર્યા હતા. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુની દેસાઈએ વિદ્યાર્થીઓને કોલેજમાં ચાલતી પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરી આવકાર્યા હતા. એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર ડૉ. જીતુભાઈ ભોઈએ કોલેજમાં ચાલતી એન. એસ.એસ.ની પ્રવૃતિઓ વિશે તમામ વિદ્યાર્થીઓને પી.પી.ટી દ્વારા સમજણ આપી હતી. કોલેજમાં ચાલતી એન.સી.સી ની પ્રવૃત્તિઓ વિશે અને એન.સી.સી.ના ફાયદા અને પ્રવૃત્તિઓ વિશે લેફટનન્ટ ડૉ. સતવિન્દર કૌર ધંજલએ વિસ્તૃત માહિતી પી.પી.ટી દ્વારા આપી હતી.

કોલેજમાં પ્રથમ વખત વિદ્યાર્થીઓને કાર્યક્રમની વચ્ચે ક્વિઝ સ્પર્ધાનું આયોજન ડૉ. બિંદુ ત્રિવેદીએ કર્યું હતું. જેમાં સાચા જવાબના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા કોલેજમાં ચાલતી રમતગમતની પ્રવૃત્તિઓ તેમજ કોલેજમાં શિસ્ત, સ્વચ્છતા અને આંતરિક મૂલ્યાંકન કસોટી અને યુનિવર્સિટી ની પરીક્ષાની વિગતવાર ચર્ચા વિદ્યાર્થીઓમાં પ્રા. જીતેન્દ્રકુમાર ટંડેલે કરી હતી.

કોલેજમાં સાંસ્કૃતિક સમિતિ હેઠળ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ગરબા ડે, એન્યુઅલ ડે, કોલેજમાં ઉજવાતા ડે તેમજ યુનિવર્સિટીમાં યોજતા યુવક મહોત્સવ વિશેની માહિતી ડૉ. બિંદુ ત્રિવેદીએ આપી હતી ત્યારબાદ કોલેજમાં ચાલતી ચર્ચા સભા સમિતિ હેઠળ ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે ગુરુપૂર્ણિમા, વિવેકાનંદ જયંતિ,ગાંધી જયંતી અને સરદાર પટેલ જયંતિ વિશેની વિસ્તૃત માહિતી ડૉ. મણીબેન સોલંકી એ આપી હતી. ઈન્ચાર્જ આચાર્ય ડૉ. ફાલ્ગુનીબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ એફ.વાય.બી.કોમના વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ પ્રા. મુકેશસિંહ સોલંકી એફ.વાય બી.એ ના વિદ્યાર્થીઓ માટેના કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ડૉ. મણીબેન સોલંકીએ આટોપી હતી. છેલ્લે પ્રા. જીતેન્દ્રકુમાર ટંડેલે રાષ્ટ્રગીત ગવડાવીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.હ

## લાયન્સ કલબ ઓફ ઉદવાડાએ 'ડોકટર્સ ડે' ઉજવ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** દર વર્ષે આપણા દેશમાં પહેલી જુલાઈએ ડોકટર્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે. ડો. વિધાનચંદ્ર રોયની સ્મૃતિમાં આ દિવસની ઉજવણી ૧૯૯૧થી શરુ કરવામાં આવી હતી. જે અંતર્ગત ઉદવાડા (આરએસ) ના લાયન્સ કલબે પણ ડોકટર્સ ડે ની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. શાંતાબા હાઈસ્કુલ ઉદવાડા સ્ટેશનની તેમજ આપાસના વિસ્તારમાં પ્રેકટીસ કરતા, સમાજની સેવા કરતા, ૨૧ જેટલાં ડોકટરને સન્માનિત કરવામાં આવ્યા હતાં. એક સુંદર અને સફર કાર્યક્રમનું આયોજન લાયન્સ કલબ ઓ. ઉદવાડા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં કલબના પ્રેસિડેન્ટ ડો. ઉદય પટેલ આરસી લાયન બીપિન પટેલ, ઝોન ચેરમેન લાયન અંજના પટેલ, અન્ય સભ્યો વરસાદી વાતાવરણ હોવા છતાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. પ્રતિભાવ આવતા તમામ ડોકટરોએ સન્માનિત બદલ લાયન્સ કલબ ઓફ ઉદવાડાનો આભાર માન્યો હતો.

## ઉદવાડાની શાંતાબા અંગ્રેજી મા. શાળાના વિદ્યાર્થીઓ નુમા યોગ લીગમાં ઝળકયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શાંતાબા અંગ્રેજી માધ્યમની શાળાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય સ્તરે પોતાની સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

મોટી દમણના બાલ ભવન હોલ ખાતે ૨૮ જૂન, ૨૦૨૬ના રોજ યોજાયેલી જથી નુમા યોગ પ્રીમિયર લીગ નેશનલ લેવલ ઓપન યોગાસન ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શાંતાબા સ્કૂલે થર્ડ ટીમ ટ્રોફી તૃતીય ટીમ ટ્રોફી હાંસલ કરી છે આ પ્રતિષ્ઠિત સ્પર્ધામાં કુલ ૨૩ વિવિધ શાળાઓના સ્પર્ધકોએ ભાગ લીધો હતો આકરી સ્પર્ધા વચ્ચે, શાંતબા સ્કૂલના ૩૨ યોગ ખેલાડીઓએ આ નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી હતી ટ્રોફીઓની ભવ્ય પ્રાપ્તિ અને શ્રેષ્ઠ પ્રદર્શન વિવિધ શ્રેણીઓમાં પોતાની



કુશળતાનું પ્રદર્શન કરતા, શાંતબા સ્કૂલના યોગ ખેલાડીઓએ કુલ ૩ પ્રથમ, ૧૦ દ્વિતીય, ૪ તૃતીય, ૯ ચતુર્થ અને ૫ પંચમ સ્થાનની ટ્રોફીઓ જીતી હતી. વિજેતા વિદ્યાર્થીઓમાં પ્રથમ સ્થાન ગોલ્ડ ટ્રોફી આર્યન સરોજ, આદિશ અને અંશ બીજું સ્થાન (સિલ્વર ટ્રોફી) સિયા, પર્વ, પ્રાચી, ભાવના, પલક, હેમલ, જીલ, જિયા, વિનીક્ષા અને ભાવેશ ત્રીજું સ્થાન (બ્રોન્ઝ ટ્રોફી) મિસ્ટી, મેશ્વી અને દીક્ષા. ચોથું સ્થાન પરી, અર્ચના, વિહા, દર્પણ, શિવાંશ, અનામિકા, અપેક્ષા, રિદ્ધિમા અને સ્વરા પાંચમું સ્થાન જેનીશા, નક્ષ, દિતિ, આરવ અને જિયા રહ્યા હતા સમગ્ર શાળા સમુદાયમાં આનંદની લહેર છવાઈ ગઈ છે.

રાષ્ટ્રીય સ્તરની આ ભવ્ય અને મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ, શાળાના ટ્રસ્ટી કિશોર ગાંધી, આચાર્ય આકાંક્ષા ગાંધી, મુખ્ય કોચ અર્જુન ઉદેશી અને સહાયક ટ્રેનર નિકિતા ઉદેશી સહિત શાળાના સમગ્ર પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ આપી હતી.

## મોતીવાડાની લિટલ ફલાવર્સ સ્કુલમાં ઈન્વેસ્ટિચર સેરેમની સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** લિટલ ફલાવર્સ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ મોતીવાડા ઉદવાડા તાલુકા પારડી માં ભવ્ય ઈન્વેસ્ટિચર સેરેમની પદગ્રહણ સમારોહ સંપન્ન થયો હતો લિટલ ફલાવર્સ સ્કૂલ, ઉદવાડા ખાતે નવનિયુક્ત વિદ્યાર્થી પરિષદનો ઈન્વેસ્ટિચર સેરેમની પદગ્રહણ સમારોહ ખૂબ જ હર્ષોલ્લાસ અને ઉત્સાહ સાથે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસાવવાનો અને તેમને જવાબદારીનો અહેસાસ કરાવવાનો હતો સમારોહ દરમિયાન શાળાના નવા હેડ બોય અને હેડ ગર્લની સત્તાવાર નિમણૂક કરવામાં આવી હતી.

આ ઉપરાંત, શાળાના ચારેય હાઉસ-બત્રા હાઉસ, ડોસન હાઉસ, વિજયંત હાઉસ અને સેખોન હાઉસના કેપ્ટન અને વાઈસ-કેપ્ટન, તેમજ સ્પોર્ટ્સ રમતગમત ડિસિપ્લિન શિસ્ત અને કલ્ચરલ સાંસ્કૃતિક વિભાગના કેપ્ટન અને વાઈસ-કેપ્ટનને બેજ પહેરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા અને તેમને પદ તથા નિષ્ઠાના શપથ લેવડાવવામાં આવ્યા હતા આ ગૌરવશાળી પ્રસંગે કાર્યક્રમમાં ઉપસ્થિત મુખ્ય અતિથિ અને શાળાના આચાર્ય પુષ્કર ગોંડલીયાએ વિદ્યાર્થીઓને પ્રેરક સંબોધન કર્યું હતું.

તેમણે તમામ નવનિયુક્ત વિદ્યાર્થી કાઉન્સિલને અભિનંદન પાઠવીને નેતૃત્વ, શિસ્ત, અને કર્તવ્યનિષ્ઠાનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ તેમણે વિદ્યાર્થીઓને તેમની જવાબદારીઓ પૂરી નિષ્ઠાથી નિભાવીને શાળા અને પોતાના પરિવારનું નામ રોશન કરવા માટે પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમનું સમાપન રાષ્ટ્રગીત સાથે કરવામાં આવ્યું હતું.ક

## ઓરવાડમાં રકતદાન કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી તાલુકાના ઓરવાડ ગામમાં ભારતીય જનતા પાર્ટી પારડી તાલુકા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચાના કાર્યકર્તાઓએ રક્તદાન કર્યો હતો અહીં ડોક્ટર શ્યામાપ્રસાદ મુખરજીની જન્મ જયંતિ નિમિત્તે પારડી તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ પુનિતભાઈ પટેલ મહામંત્રી હરીશભાઈ જીગ્નેશભાઈ ઓધવાડીયા જિલ્લા પંચાયતના સભ્ય અને કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ સાથે ઓરવાડ ગામના સરપંચ કલ્પનાબેન પ્રકાશભાઈ પટેલ કાર્યકર્તાઓ ભેગા મળ્યા હતા અને બ્લડ ડોનેશન કેમ્પની શરૂઆત થઈ હતી. ડોક્ટર શ્યામા પ્રસાદ મુખરજીની જન્મ જયંતી ઉજવવામાં આવી હતી.

દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

## પારડીની કોલેજમાં 'કેરિયર ઈન પબ્લિક સર્વિસ' અંગે સેમિનાર યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૭ :** પારડી માં આવેલ એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે Career in Public Service વિષયક પ્રેરણાદાયી સેમિનાર યોજાયો હતો પારડી એજ્યુકેશન સોસાયટી સંચાલિત એન. કે. દેસાઈ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા પારડી ખાતે Career in Public Service Strategies for Success in Competitive Examinations વિષય પર પ્રેરણાદાયી સેમિનારનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારમાં મુખ્ય વક્તા તરીકે આયુષ ચૌધરી Valsad District Youth Officer Ministry of Youth Affairs & Sports Government of India ઉપસ્થિત રહ્યા હતા તેમણે



વિદ્યાર્થીઓને UPSC, GPSC SSC, Banking, Railways તથા અન્ય વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ, પ્રાધ્યાપકગણ, સ્ટાફ તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડૉ. શિવાની આચાર્ય દ્વારા કરવામાં આવ્યું હતું. સેમિનાર સફળતાપૂર્વક સંપન્ન થયો અને વિદ્યાર્થીઓએ આ સેમિનારને ખૂબ જ ઉપયોગી અને પ્રેરણાદાયી ગણાવ્યો હતો

આ સમગ્ર કાર્યક્રમ ના સફળ આયોજન બદલ કોલેજ ના કેમ્પસ ડાયરેક્ટર ડો. દિપેશ શાહ અને પારડી એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ હેમંત ભાઈ દેસાઈએ અભિનંદન પાઠવ્યા હતાં. આજની યોગ્ય તૈયારી જ આવતીકાલની સફળ જાહેર સેવાનો મજબૂત પાયો છે.

# અન્ય સમાચારો

Wednesday 08, July 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES
Wednesday 08, July 2026

## અમેરિકાની આઝાદીના અઢી સૈકા

મહાસત્તા અમેરિકામાં આઝાદીનો મહોત્સવ આરંભાયો છે. ૪ જુલાઈ-૧૭૭૬ના બ્રિટનથી સ્વતંત્ર થઈ પોતાનું ઘોષણાપત્ર અમેરિકાએ જાહેર કર્યું હતું. આ ઐતિહાસિક દિવસ પછી ઈતિહાસ હંમેશાં અમેરિકાની નોંધ લેતો રહ્યો છે. અઢી સદી વિશ્વના વિકાસ અને ક્રાંતિ માટે ઓછી અવધિ નથી અને આ ગાળામાં અમેરિકાનું યોગદાન કહો કે ભૂમિકા તે મહત્ત્વના રહ્યા છે. ૧૩ બ્રિટીશ વસાહત સુધી વિસ્તરેલો આ દેશ આજે ૫૦ રાજ્ય ધરાવે છે, વિશ્વનો ચોથા નંબરનો મોટો દેશ છે. ભારતના વડાપ્રધાન અને વિદેશ પ્રધાને સ્વાભાવિક રીતે અમેરિકાને શુભેચ્છા આપી છે. ભારત વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર છે અને અમેરિકા વિશ્વની સૌથી જૂની લોકશાહી છે, આ સંબંધ અગત્યનો છે. ભારત અને અમેરિકા વચ્ચે વિશ્વની સૌથી મોટી વ્યાપારી ભાગીદારી છે. ૫૦ લાખથી વધારે ભારતીય અમેરિકામાં વસવાટ કરે છે, તબીબી વ્યવસાય, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી સહિતના ક્ષેત્ર અગ્રેસર છે. આધુનિક ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ક્ષેત્રે અમેરિકાએ વિશ્વનું નેતૃત્વ કર્યું છે. ગૂગલ હોય કે માઈક્રોસોફ્ટ કે પછી વિશ્વને એક તાંતણે છોડનારી ઈન્ટરનેટ સેવા કે અંતરિક્ષમાં ભમીને સંશોધનો કરતું સંસ્થાન નાસા હોય. અમેરિકાએ વિશ્વ સ્તરે કામ કર્યું છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ, વર્લ્ડ બેંક જેવી વિશ્વ સ્તરની સંસ્થાઓની સ્થાપના અમેરિકાએ કરી છે. કલા-ફિલ્મ ક્ષેત્રે હોલીવૂડ જગખ્યાત છે. સ્વતંત્રતા દિવસ સમારોહના સંબોધનમાં ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પ્રત્યે તો પોતાનો રોષ વ્યક્ત કર્યો, પરંતુ તેમણે સ્પષ્ટ કહ્યું કે, સામ્યવાદને અમે ક્યારેય અહીં પોષશું નહીં. અમેરિકાની સંસ્કૃતિ સામ્યવાદને કોઈ રીતે સ્વીકારતી નથી. લોકશાહી માટે જેનું ઉદાહરણ અપાય છે તેવા અમેરિકાએ આ વલણ સ્પષ્ટ કર્યું છે તેની સાથે જ આટલાં વર્ષે પણ રંગભેદની સામાજિક અસમાનતા ક્યાંક જીવે છે. સામાજિક માળખું કંઈક એવું છે કે, કિશોરાવસ્થામાં જ ગોળીબાર કરતા વિદ્યાર્થીઓ અમેરિકા માટે નવી વાત નથી. ભારત સાથે અમેરિકાના સંબંધો એકંદરે સારા રહ્યા છે. વિશ્વના અન્ય દેશોને સ્વતંત્રતા ચળવળ માટે અમેરિકાએ કોઈ ને કોઈ પ્રેરણા આપી છે. આમ તો દરેક પ્રમુખનું પોતાનું યોગદાન રહ્યું છે, પરંતુ જ્યોર્જ વોશિંગ્ટન ગણમાન્ય પ્રમુખ રહ્યા. અમેરિકાના વિકાસ માટે તેમણે પાયાનું કાર્ય કર્યું. દેશના સોળમા રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકન વિશ્વના સૌથી પ્રભાવશાળી નેતાઓમાં સ્થાન પામે છે. ગૃહયુદ્ધ સમયે અમેરિકાની એકતા જાળવવામાં તેમણે મહત્ત્વનું યોગદાન આપ્યું. લોકશાહીની પ્રખ્યાત વ્યાખ્યા લોકોનું, લોકો દ્વારા અને લોકો માટેનું શાસન તે લિંકને આપી છે.

જો કે, આજનું અમેરિકા અનેક રીતે અલગ પડે છે. વર્તમાન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમલી બનાવેલી ટેરીફ નીતિ, વિયેતનામ અને ઈરાન યુદ્ધો અને તેને કારણે વિશ્વના અન્ય દેશોને થયેલા નુકસાને અમેરિકાની છબી ધૂંધળી કરી છે. ૧૮મી સદીમાં અમેરિકાના ૧૩ ઉપખંડ બ્રિટનના રાજા જ્યોર્જ તૃતીયને આધિન હતા અને તેમના પર વધુ પડતા અને અયોગ્ય કર બતાવાયા હતા. તેમની દમનકારી નીતિના વિરોધમાં જ અમેરિકી ક્રાંતિ થઈ હતી. બીજી જુલાઈના સ્વતંત્રતા મેળવવાનો પ્રસ્તાવ પસાર થયો પછી ચોથી જુલાઈના આધિકારિક ઘોષણા થઈ. આ પ્રસ્તાવ થોમસ જેફરસને તૈયાર કર્યો હતો. તેઓ આઝાદ અમેરિકાના પિતા કહેવાય છે. આ ક્રાંતિની લડત જ્યોર્જ વાશિંગ્ટનના નેતૃત્વમાં થઈ હતી. તેઓ અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા હતા. ૨૫૦ વર્ષનો આ મોટો કાળખંડ છે, તેમાં ઘણં બધું થયું છે, હજુ ઘણું થશે. અમેરિકાના કેટલાક અયોગ્ય કહેવાતા કામોને લીધે તેણે વૈશ્વિક સ્તરે કરેલા કામની અવગણના થઈ શકે નહીં. હવે જ્યારે આવડો મોટો અને જૂનો દેશ છે ત્યારે વિશ્વના અન્ય દેશો માટે ઔદાર્ય બતાવવું તે અમેરિકાનું ઉત્તરદાયિત્વ છે.

### ગુજરાત હાઈકોર્ટનો મોટો નિર્ણય :૧૧ દોષિતાની અંતિમ શ્વાસ સુધીની કેદ

# અમદાવાદ બ્લાસ્ટ કેસમાં ૩૮ આરોપીઓની ફાંસીની સજા યથાવત

**ફાંસીની સજાના અમલ પર ૩ મહિનાનો સ્ટે, આરોપીઓ જશે સુપ્રીમ કોર્ટ**

(સંપૂર્ણ સમાચાર સેવા)
અમદાવાદ,તા.૭ : અમદાવાદ સિરિયલ બ્લાસ્ટ કેસમાં ગુજરાત હાઈકોર્ટે મોટો નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૨માં સ્પેશિયલ કોર્ટ દ્વારા ૩૮ આરોપીઓને આપવામાં આવેલી ફાંસીની સજા અને ૧૧ દોષિતોને આપવામાં આવેલી અંતિમ શ્વાસ સુધીની આજીવન કેદની સજાને હાઈકોર્ટે યથાવત રાખી છે. જોકે, આરોપીઓને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની તક આપવા માટે ચુકાદાના અમલ પર ૩ મહિનાનો સ્ટે આપવામાં આવ્યો છે. હાઈકોર્ટના નિર્ણય બાદ આરોપીઓ તરફથી સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવા માટે સમયની માંગ કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં રાખીને હાઈકોર્ટે આ સમયગાળો આપ્યો છે. હવે આગામી ત્રણ મહિનામાં આરોપીઓ હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારી શકશે.

૨૬ જુલાઈ, ૨૦૦૮ના રોજ અમદાવાદમાં થયેલા ૨૧ સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં ૫૬ નિર્દોષ લોકોના મોત થયા હતા, જ્યારે ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. શહેરના અલગ-અલગ ૨૦ સ્થળોએ થયેલા આ હુમલાએ સમગ્ર દેશને હચમચાવી દીધો હતો.

આ કેસમાં અમદાવાદની વિશેષ અદાલતે ૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ ૭૮ આરોપીઓમાંથી ૪૯ આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા, જ્યારે ૨૮ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવ્યા હતા. ત્યારબાદ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજ સજા સંભળાવવામાં આવી હતી. જેમાં ૩૮ દોષિતોને ગેરકાયદે પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ (UAPA) અને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ ફાંસીની સજા આપવામાં આવી હતી.

આ ઉપરાંત ૧૧ દોષિતોને કુદરતી મૃત્યુ સુધી આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. કોર્ટે દોષિતો પર દંડ પણ ફટકાર્યો હતો અને બ્લાસ્ટમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનો તેમજ ઘાયલોને વળતર

**૨૧ સિરિયલ બ્લાસ્ટમાં ૫૬ નિર્દોષ લોકોના મોત નિપજ્યા હતા અને ૨૦૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ**

આપવાનો આદેશ કર્યો હતો.

રાજ્ય સરકારે ફાંસીની સજાની પુષ્ટિ માટે હાઈકોર્ટમાં અરજી કરી હતી, જ્યારે કેટલાક આરોપીઓએ પણ પોતાની સજા સામે હાઈકોર્ટનો દરવાજો ખટખટાવ્યો હતો. લાંબી સુનાવણી બાદ હાઈકોર્ટે સ્પેશિયલ કોર્ટના નિર્ણયને માન્ય રાખ્યો છે.

હવે આ કેસમાં આગામી કાનૂની લડાઈ સુપ્રીમ કોર્ટમાં લડાશે. આરોપીઓ દ્વારા દાખલ થનારી અપીલ બાદ દેશના સૌથી મોટા ન્યાયાલયમાં આ મામલે વધુ સુનાવણી થશે.

## ભારત-ઈન્ડોનેશિયા વ્યૂહાત્મક સંબંધો :૩ મહત્ત્વના કરારો પર મહોર



(સંપૂર્ણ સમાચાર સેવા)
જકાર્તા,તા.૭ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈન્ડોનેશિયા મુલાકાત દરમિયાન ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના વ્યૂહાત્મક સંબંધોને નવી દિશા આપતા અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તોએ વડાપ્રધાન મોદીને દેશના સર્વોચ્ચ નાગરિક સન્માન 'બિન્તાંગ આદિપૂર્ણ' સન્માનિત કરવાની જાહેરાત કરી હતી. આ પ્રસંગે બંને દેશોએ વેપાર, ડિજિટલ પેમેન્ટ, સંરક્ષણ અને મહત્વપૂર્ણ ખનિજોના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ત્રણ મહત્વપૂર્ણ કરારો પર સહમતિ વ્યક્ત કરી હતી.

જકાર્તા પહોંચતા વડાપ્રધાન મોદીના વિમાનને ઈન્ડોનેશિયન વાયુસેનાના ફાઈટર જેટ્સ દ્વારા એસ્કોર્ટ આપવામાં આવ્યું હતું. એરપોર્ટ પર પરંપરાગત વિધિ સાથે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્તો વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી, જેમાં બંને દેશો વચ્ચેના વ્યૂહાત્મક અને આર્થિક સહયોગને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.સંયુક્ત પત્રકાર પરિષદ દરમિયાન વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે ભારતની યુપીઆઈ (UPI) ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને ઈન્ડોનેશિયાની પેમેન્ટ સિસ્ટમ સાથે જોડવામાં આવશે, જેના કારણે બંને દેશો વચ્ચે ડિજિટલ લેવડદેવડ વધુ સરળ બનશે. ઉપરાંત ક્રિટિકલ મિનરલ્સ, સ્ટીલ અને સપ્લાય ચેઈનને મજબૂત બનાવવા માટે પણ સહયોગ વધારવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં પણ ભાગીદારી વધુ ગાઢ બનાવવામાં આવશે.સર્વોચ્ચ સન્માન બદલ આભાર વ્યક્ત કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે આ સન્માન માત્ર તેમનું નહીં પરંતુ ૧૪૦ કરોડ ભારતીયોનું ગૌરવ છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી આગામી વર્ષોમાં વધુ મજબૂત બનશે.વૈશ્વિક મુદ્દાઓ પર પોતાના વિચારો વ્યક્ત કરતાં વડાપ્રધાન મોદીએ પેલેસ્ટાઈન પ્રશ્નના શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતના પરંપરાગત 'ટુ-સ્ટેટ સોલ્યુશન'ના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે જણાવ્યું કે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિમાં સંવાદ, રાજદ્વારી, શાંતિપૂર્ણ ઉકેલ જ લાંબા ગાળાની સ્થિરતા માટે શ્રેષ્ઠ માર્ગ છે.

## સિરિયામાં સુરક્ષા ભંગ : મેક્રોન રોકાયા હતા તે હોટેલ નજીક વિસ્ફોટ




(સંપૂર્ણ સમાચાર સેવા)
દમાસ્કસ,તા.૭ : સિરિયાની રાજધાની દમાસ્કસમાં મંગળવારે થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોથી સમગ્ર શહેરમાં અફરાતફરી મચી ગઈ હતી.

વિસ્ફોટો ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન રોકાયા હતા તે હોટેલની નજીક થયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે સિરિયાની સુરક્ષા વ્યવસ્થા પર ફરી સવાલો ઊભા થયા છે. જોકે, ફ્રાન્સના પ્રમુખ આ ઘટનામાં સંપૂર્ણપણે સુરક્ષિત હોવાનું ફ્રેન્ચ સત્તાવાળાઓએ સ્પષ્ટ કર્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ વિસ્ફોટો સમયે પ્રમુખ મેક્રોન હોટેલમાં હાજર નહોતા. તેઓ તે સમયે સિરિયાના નવા પ્રમુખ અહેમદ અલ-શરા સાથે સત્તાવાર બેઠકમાં વ્યસ્ત હતા. ઘટના બાદ સુરક્ષા દળોએ હોટેલ અને આસપાસના સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને તમામ માર્ગો સીલ કરી દીધા હતા. ઘટનાની તપાસ શરૂ કરવામાં આવી છે અને હુમલાખોરોની ઓળખ માટે સુરક્ષા એજન્સીઓ કાર્યરત બની છે.ફ્રાન્સના રાષ્ટ્રપતિ કાર્યાલયે જણાવ્યું છે કે વિસ્ફોટો છતાં પ્રમુખ મેક્રોનનો પ્રવાસ પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ જ ચાલુ રહેશે. આ હુમલા પાછળ ક્યા સંગઠનનો હાથ છે તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી.મેક્રોનની આ મુલાકાત રાજદ્વારી દૃષ્ટિએ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. બશર અલ-અસદના શાસનના અંત બાદ સિરિયાની મુલાકાત લેનારા તેઓ યુરોપિયન યુનિયનના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બન્યા છે. તેમની મુલાકાતનો મુખ્ય હેતુ સિરિયાના નવા નેતૃત્વ સાથે દ્વિપક્ષીય સંબંધો અને પ્રાદેશિક સ્થિરતા અંગે ચર્ચા કરવાનો હતો.

## મિડલ ઈસ્ટમાં ફરી તણાવ :ક્રૂડ ઓઈલના ભાવ ૭૨ ડૉલરને પાર




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૭ : મિડલ ઈસ્ટમાં ફરી એકવાર તણાવ વધવાના સંકેતો મળ્યા છે. હોર્મુઝ સ્ટ્રેટ નજીક વ્યાપારી જહાજો પર મિસાઈલ હુમલાના અહેવાલો બાદ આંતરરાષ્ટ્રીય કાચા તેલના બજારમાં હલચલ જોવા મળી છે. હુમલાના સમાચાર આવતા જ ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો નોંધાયો છે અને બ્રેન્ટ ક્રૂડ ૭૨.૫૧ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયું છે.હોર્મુઝ સ્ટ્રેટ દુનિયાના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગોમાંથી એક છે. વિશ્વની કુલ તેલ જરૂરિયાતના આશરે ૨૦ ટકા હિસ્સાનો વેપાર આ માર્ગ દ્વારા થાય છે. તેથી આ વિસ્તારમાં કોઈપણ તણાવ અથવા હુમલાની સીધી અસર વૈશ્વિક ઊર્જા બજાર પર પડે છે.

ઈરાનની ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા હોર્મુઝ નજીક બે વ્યાપારી જહાજો પર હુમલો કરવામાં આવ્યો હોવાની માહિતી સામે આવી છે. અમેરિકાના એક વરિષ્ઠ અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યું કે આ ઘટનાથી અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાર્તાઓ પર અસર પડી શકે છે.આ ઉપરાંત યુનાઈટેડ કિંગડમ મેરિટાઈમ ટ્રેડ ઓપરેશન્સ (UKMTO)એ પણ હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓમાનના દરિયાકાંઠે એક ઓઈલ ટેન્કર સાથે અજ્ઞાત વસ્તુ અથડાવાની માહિતી આપી છે. આ ઘટનામાં ટેન્કરમાં આગ લાગવાની વાત પણ સામે આવી છે. જોકે, સમગ્ર મામલાની વધુ તપાસ ચાલી રહી છે.

હુમલાના અહેવાલો પહેલાં કાચા તેલના ભાવમાં ઘટાડો જોવા મળી રહ્યો હતો, પરંતુ મંગળવારે બજારમાં અચાનક તેજી આવી હતી. બ્રેન્ટ ક્રૂડ લગભગ ૧ ટકાના ઉછાળા સાથે ૭૨.૫૧ ડૉલર પ્રતિ બેરલ પર પહોંચ્યું, જ્યારે વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમિડિયેટ (WTI) પણ ૭૦ ડૉલરની નજીક પહોંચી ગયું. મર્બન ક્રૂડના ભાવમાં પણ વધારો નોંધાયો છે.

## દેશભરમાં વરસાદનો કહેર



**મુંબઈથી કાશ્મીર સુધી વરસાદે મચાવી તબાહી**


(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી,તા.૭ : દેશના અનેક રાજ્યોમાં સતત વરસી રહેલા ભારે વરસાદે જનજીવનને ગંભીર રીતે અસર પહોંચાડી છે. મહારાષ્ટ્ર, જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ અને ઓડિશામાં ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનની ઘટનાઓને કારણે સામાન્ય જીવન ખોરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગે અનેક વિસ્તારો માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરતાં સ્થાનિક વહીવટી તંત્રને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે.

મુંબઈમાં છેલ્લા ત્રણ દિવસથી અવિરત વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. મુખ્ય માર્ગો પર ટ્રાફિક પ્રભાવિત થયો છે, જ્યારે કેટલાક સ્થળોએ ભૂસ્ખલન અને રસ્તા ધોવાઈ જવાની ઘટનાઓ પણ નોંધાઈ છે. મુંબઈ-પુણે એક્સપ્રેસવે, મુંબઈ-અમદાવાદ હાઈવે અને કોંકણ રૂટ પર વાહનવ્યવહારને અસર પહોંચી છે. અનેક ટ્રેનો અને વાહનો અટવાઈ જતાં હજારો મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે મુંબઈ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે તેમજ સાવચેતીના ભાગરૂપે અનેક શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી છે.

નાસિક જિલ્લામાં પણ ભારે વરસાદ અને વાદળ ફાટવાની સંભાવનાને પગલે હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ત્ર્યંબકેશ્વર, સપ્તશૃંગી સહિતના ધાર્મિક સ્થળો અને મંદિરોમાં શ્રદ્ધાળુઓની અવરજવર પર અસ્થાયી પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શૈક્ષણિક સંસ્થાઓ અને કેટલાક બજારો પણ બંધ રાખવામાં આવ્યા છે.

## મહારાષ્ટ્રમાં સ્થાનિકો જ બાઈક-ટેક્સી ચલાવી શકશે






(સંપૂર્ણ સમાચાર સેવા)
મહારાષ્ટ્ર ,તા.૭ : મહારાષ્ટ્ર સરકારે એપ આધારિત બાઈક-ટેક્સી સેવાઓ માટે નવા નિયમોની જાહેરાત કરી છે. રાજ્યમાં ૧ ઓગસ્ટથી અમલમાં આવનારા આ નિયમો હેઠળ હવે માત્ર મહારાષ્ટ્રના ડોમિસાઈલ ધરાવતા લોકો જ બાઈક-ટેક્સી ચલાવી શકશે. ઉપરાંત તમામ ચાલકો માટે મરાઠી ભાષાનું જ્ઞાન પણ ફરજિયાત કરવામાં આવ્યું છે. રાજ્યના પરિવહન મંત્રી પ્રતાપ સરનાઈકે એ વિધાનસભામાં આ અંગે માહિતી આપી હતી.નવા નિયમો મુજબ રેપિડો, ઓલા, ઉબેર સહિત અન્ય એપ આધારિત બાઈક-ટેક્સી એગ્રીગેટર્સ સાથે જોડાયેલા ડ્રાઈવરો માટે સ્થાનિક નિવાસી પ્રમાણપત્ર જરૂરી રહેશે. સરકારનું કહેવું છે કે આ પગલાથી રાજ્યમાં બાઈક-ટેક્સી સેવાઓને નિયમિત બનાવવામાં મદદ મળશે અને સ્થાનિક યુવાનોને રોજગારીની વધુ તક મળશે. રાજ્યમાં હાલમાં અંદાજે ૩.૫ લાખથી વધુ બાઈક-ટેક્સીઓ કાર્યરત છે. અત્યાર સુધી આ સેવાઓ માટે સ્પષ્ટ નિયમોની અછત હતી, જેના કારણે ઓટો અને ટેક્સી સંચાલકો દ્વારા અનેક વખત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. હવે સરકાર આ સમગ્ર ક્ષેત્રને નિયમિત કરવા માટે ૧ ઓગસ્ટથી નવા પરમિટ જારી કરશે.સરકારે બાઈક-ટેક્સી ઓપરેટર્સ માટે દૈનિક ૫ ફી પણ નક્કી કરી છે. આ ફીમાંથી ૨ ટકા રકમ કલ્યાણ કોષમાં જમા કરવામાં આવશે, જેનો ઉપયોગ ડ્રાઈવરો અને જનહિતના વિવિધ કાર્યો માટે કરવામાં આવશે. સરકારનું માનવું છે કે આ વ્યવસ્થાથી ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદારી વધશે.

## વાયનાડમાં કલ્લાડી ટનલ બાંધકામ સ્થળે ભૂસ્ખલન




(સંપૂર્ણ સમાચાર સેવા)
વાયનાડ,તા.૭ : દેશના અનેક વિસ્તારોમાં પડી રહેલા ભારે વરસાદ વચ્ચે કેરળના વાયનાડ જિલ્લામાં મોટી દુર્ઘટના સર્જાઈ છે. કલ્લાડી ટનલ બાંધકામ સ્થળે ભૂસ્ખલન થતાં કાટમાળ નીચે કેટલાક લોકો દટાયા હતા.

આ ઘટનામાં બે લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે, જ્યારે છ લોકો ઘાયલ થયા છે.પ્રાપ્ત માહિતી મુજબ ભારે વરસાદને કારણે બાંધકામ સ્થળ પર અચાનક માટી અને કાટમાળ ધસી પડ્યો હતો. ઘટનાની જાણ થતાં જ બચાવ ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને કાટમાળ હટાવવાની કામગીરી શરૂ કરી હતી. ઘાયલ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે.

કેરળ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા રાહત અને બચાવ કામગીરી પર નજર રાખવામાં આવી રહી છે. મીનંગડી અને કોઝિકોડથી એનડીઆરએફની ટીમોને પણ ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી.

ઘટના બાદ કેરળ સરકાર પણ સક્રિય થઈ ગઈ છે. મુખ્યમંત્રીના નિર્દેશ બાદ મહેસૂલ મંત્રી અને કૃષિ મંત્રીને તાત્કાલિક સ્થળ પર પહોંચવા જણાવાયું હતું.

## વોશિંગ્ટન ડીસીમાં 'કોડ રેડ' એલર્ટ



(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૭
અમેરિકાના 250 મા સ્વતંત્રતા દિવસની ભવ્ય ઉજવણી અંતર્ગત પાટનગર વોશિંગ્ટન ડીસીમાં કરવામાં આવેલી 40 મિનિટની રેકોર્ડબ્રેક આતશબાજી હવે ભારે પડી રહી છે. આ ભયાનક ફટાકડાના ધુમાડાના કારણે રવિવારે વોશિંગ્ટન ડીસીની હવા વૈશ્વિક સ્તરે દુનિયાના કોઈ પણ મુખ્ય શહેર કરતાં સૌથી વધુ પ્રદૂષિત અને ઝેરી નોંધાઈ હતી. શહેરમાં પ્રદૂષણનું સ્તર ખતરનાક સપાટીએ પહોંચતા વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક અસરથી 'કોડ રેડ એર ક્વોલિટી એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.પ્રદૂષણનું મોનિટરિંગ કરતી વૈશ્વિક સંસ્થા 'IQAir' ના રેન્કિંગમાં વોશિંગ્ટન ડીસી થોડા સમય માટે દુનિયામાં પ્રથમ નંબરે પહોંચી ગયું હતું. જો કે રવિવારે સાંજે તે ૨૬મા ક્રમે સરક્યું હતું. નાગરિકોને ચેતવણી: અધિકારીઓએ રહેવાસીઓને બહાર જવાનું મર્યાદિત કરવા જણાવ્યું છે. આ પ્રદૂષિત હવા બાળકો, વડીલો અને શ્વાસની બીમારી ધરાવતા લોકો માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. N95 માસ્ક પહેરવાની ભલામણ: મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આતશબાજીના કારણે સેન્ટ્રલ ડીસીમાં 'અત્યંત બિનઆરોગ્યપ્રદ' સ્થિતિ સર્જાવાની આશંકા પહેલાથી જ હતી અને લોકોને બહાર નીકળતી વખતે N95 માસ્ક પહેરવાની સલાહ અપાઈ હતી.આ ભવ્ય આતશબાજીનું આયોજન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સમર્થનવાળી એક નોન-પ્રોફિટ સંસ્થા 'ડ્રીમ 250' દ્વારા કરવામાં આવ્યું હતું. 10 જગ્યાએથી આતશબાજી: નેશનલ મોલ, પોટોમેક નદી અને વેસ્ટ પોટોમેક પાર્ક સહિત 10 મુખ્ય સ્થળો પરથી લાખો ફટાકડા છોડવામાં આવ્યા હતા. વર્લ્ડ રેકોર્ડનો દાવો: આ શોમાં અંદાજે 8,50,000 જેટલા ફટાકડા ફોડીને નવો ગિનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાનો પ્રયાસ કરાયો છે. આ અગાઉ 2016માં ફિલિપિન્સમાં 8.10 લાખ ફટાકડા ફોડવાનો રેકોર્ડ હતો. વોશિંગ્ટનનો આ શો ન્યૂયોર્કના પ્રખ્યાત મેસીસ શો કરતાં પણ 10 ગણો મોટો હતો.આ ભયાનક પ્રદૂષણ એવા સમયે ફેલાયું જ્યારે વોશિંગ્ટન અને આસપાસના વિસ્તારો ભારે હીટ વેવ (ગરમી) નો સામનો કરી રહ્યા હતા.

# અન્ય સમાચારો


Wednesday 08, July 2026

દમણગંગા ટાઇમ્સ
DAMANGANGA TIMES


### મનપામાં પાણી ભરાવા મુદ્દે સમીક્ષા બેઠક

## વાપી વરસાદી પાણીનો ઝડપી નિકાલની તાકીદ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૭ :** વાપી મહાનગરપાલિકા ખાતે મેયર તથા ડેપ્યુટી મેયરની અધ્યક્ષતામાં શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાને લઈ મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં મનપાના સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

બેઠક દરમિયાન શહેરના નીચાણવાળા વિસ્તારો, મુખ્ય માર્ગો અને રહેણાંક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવાના બનાવોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરીને વરસાદી પાણીનો ઝડપી નિકાલ થાય, ડ્રેનેજ લાઈનોની સતત દેખરેખ રાખવામાં આવે, અવરોધો દૂર કરવામાં આવે તેમજ પમ્પિંગ સહિતની જરૂરી વ્યવસ્થા તાત્કાલિક અમલમાં મૂકવા સૂચનાઓ આપવામાં આવી હતી.

મેયર દક્ષાબેન પટેલ અને ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું કે વરસાદી પરિસ્થિતિ દરમિયાન નાગરિકોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે માટે તમામ વિભાગો સંકલન સાથે સતત કાર્ય કરે. સાથે જ ફરિયાદોનો ત્વરિત નિકાલ કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં જરૂરી રાહત કામગીરી હાથ ધરવા પણ અધિકારીઓને નિર્દેશ આપવામાં આવ્યા હતાં.

સાથે જણાવ્યું હતું કે શહેરજનોની સુવિધા, સુરક્ષા અને વરસાદી પરિસ્થિતિમાં અસરકારક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે તંત્ર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે અને પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. ગઈ કાલે રાત્રે થી મનપાનું વહીવટી તંત્ર દોડી રહ્યું છે.


CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM ASHAPAK RASHID SHAIKH TO NEW NAME ASHPAK RASHID SHAIKH AS PER DOCUMENTS


## વલસાડની કસ્તૂરબા હોસ્પિટલને સન્માનિત કરાઈ



**વલસાડ, તા. ૭ :** દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ૮૦થી વધુ વર્ષોથી નિઃસ્વાર્થ, સુલભ અને ગુણવત્તાસભર આરોગ્યસેવા આપતી અગ્રણી ચેરિટેબલ સંસ્થા કસ્તૂરબા વૈદ્યકીય રાહત મંડળ (કસ્તૂરબા હોસ્પિટલ), વલસાડને સમાજ આરોગ્ય ક્ષેત્રે તેના ઉત્કૃષ્ટ અને દીર્ઘકાલીન યોગદાન બદલ અમદાવાદ ખાતે સમભાવ મીડિયા ગ્રૂપ - VTV News દ્વારા આયોજિત VTV News Health Conclave & Awards – 2026માં રાજયસ્તરીય સન્માનથી નવાજવામાં આવી. આ ગૌરવપૂર્ણ સન્માન ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાના હસ્તે એનાયત કરવામાં આવ્યું હતું.

## વલસાડમાં બામ ખાડીનો પુલ પાણીમાં ગરકાવ : ૧૦થી વધુ ગામો સંપર્ક વિહોણા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૭ :** વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી પડી રહેલા અનરાધાર અને ભારે વરસાદના પગલે લોકજીવન પ્રભાવિત થયું છે. વરસાદી પાણીના સ્તરમાં સતત વધારો થતાં વલસાડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં સંપર્ક તૂટવાની ઘટના સામે આવી છે. વલસાડ તાલુકાના કુંડી આહીરવાડ અને અંદરગોટાને જોડતા બામ ખાડીના નાના પુલ પર પાણી ફરી વળ્યા છે. બામ ખાડી પર આવેલો આ નાનો પુલ પાણીમાં સંપૂર્ણપણે ડૂબી જતાં આ માર્ગ પરનો વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે. પરિણામે, આસપાસના ૧૦થી વધુ ગામોનો મુખ્ય મથક સાથેનો સીધો સંપર્ક તૂટી ગયો છે. સ્થાનિક લોકો, નોકરિયાતો અને દૂધ ઉત્પાદકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. પુલ પર પાણી ફરી વળવાને કારણે વહીવટી તંત્ર દ્વારા સલામતીના ભાગરૂપે આ રસ્તો બંધ કરવામાં આવ્યો છે. હવે આ વિસ્તારના લોકોને પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે ૬ થી ૭ કિલોમીટર લાંબો ચકરાવો કાપવાની ફરજ પડી રહી છે. જેથી લોકોનો સમય અને ઈંધણ બંનેનો બગાડ થઈ રહ્યો છે. દર વર્ષે ચોમાસામાં બામ ખાડીના આ નાના પુલ પર પાણી ફરી વળવાની સમસ્યા સર્જાય છે. સ્થાનિક ગ્રામજનો દ્વારા અહીં વહેલી તકે ઊંચો બ્રિજ બનાવવામાં આવે તેવી વહીવટી તંત્ર પાસે ઉગ્ર માંગ કરવામાં આવી રહી છે.




## ગણદેવીમાં ૬.૭૨ ઈંચ વરસાદ : ૧૧ માર્ગો બંધ, મકાનો ધરાશાયી

**બીલીમોરા, તા. ૦૭ :** હવામાન વિભાગની ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે ગણદેવી તાલુકામાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે.

ગણદેવી તાલુકામાં છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૧૬૮ મીમી (૬.૭૨ ઈંચ) વરસાદ ખાબકતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ચાલુ મોસમનો કુલ વરસાદ ૩૫.૩૬ ઈંચે પહોંચતા સામાન્ય જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદના કારણે ગણદેવીના પીપલધરા ગામે હળપતિવાસમાં ત્રણ કાચા મકાનો સંપૂર્ણ જમીનદોસ્ત થયા છે, જ્યારે દેવધા ગામે એક મકાનની છત તૂટી પડી છે. આ ઉપરાંત, તાલુકાના ૧૧ જેટલા મુખ્ય અને ગ્રામ્ય માર્ગો પર પૂરના પાણી ફરી વળતા વાહનવ્યવહાર ઠપ્પ થઈ ગયો છે.

ભારે વરસાદને પગલે સ્થાનિક નદીઓ ગાંડીતૂર બની છે, જેમાં કાવેરી નદી ૧૧ ફૂટની સપાટી વટાવી ગઈ છે અને અંબિકા નદી ૧૪.૯૨ ફૂટથી ઝડપભેર વધીને ૨૦.૨૭ ફૂટની ભયજનક સપાટીએ પહોંચી છે. એક સપ્તાહથી અવિરત વરસી રહેલી વરસાદી હેલીના કારણે ખેતીપાકો અને શાકભાજીને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેતરોમાં પાણી ભરાઈ રહેવાથી શાકભાજીમાં ફૂલોનું ખરણ વધી ગયું છે, જેના કારણે બજારમાં આવક ઘટતા શાકભાજીના ભાવમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે, જેણે સામાન્ય જનતાની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે.

## ધરમપુર, કપરાડા અને નાનાપોંઢામાં ભારે વરસાદથી અનેક રસ્તાઓ બંધ

**ધરમપુર, તા.૦૭ :** વલસાડ જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદના કારણે કપરાડા તાલુકામાં સૌથી વધુ રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. જેમાં વરવઠ-ટાંકપાડા રોડ, દહીખેડ-બુરવડ રોડ, કર્જુણ વિલેજ રોડ, દહીખેડ-વારોલી જંગલ રોડ, ટુકવાડા-ધારણમાળ રોડ, કેતકી-ઉમલી રોડ, મેઘવાડ-વરલા-દાનહ જોડતો માર્ગ, દહીખેડ-પટેલ ફળિયા રોડ, સિંગારટાટી-ચેપા-મોટી પલસણ રોડ, સુકલબારી-બુરલા રોડ, તેરી-ચીખલી-પાટીલ ફળિયા રોડ, ટુકવાડા-ઘાડવી-કુંભસેત રોડ, ભાઠેરી-ટુકવાડા રોડ, ઘોટણ-રાહોર-પીપરોટીમાની રોડ સહિત અનેક ગ્રામ માર્ગો ઉપર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે જ્યારે બિલ્ધા-મોરદહાડ રોડ, ધરમપુર-આશુરા-શેરીમાળ રોડ તથા સિદુમ્બર-ભટાડી ફળિયા રોડ ઉપર કોઝવે ઓવરટોપિંગ થતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત નાનાપોંઢા તાલુકામાં અંભેટી-ખરેડી રોડ, જીરવલ-માની ફળિયા રોડ, અંભેટી-રાયાવાડી રોડ, અંભેટી-ભુતાળા ફળિયા રોડ, આદિમજૂથ રોડ, સુખાલા-ગોઈમાં રોડ, ધોધડકૂવા-કાકડકોપર રોડ, કોઠાર-માની ફળિયા રોડ, મોટા પોંઢા-ઓમકચ્છ રોડ તથા કાકડકોપર વિલેજ રોડ સહિત અનેક રસ્તાઓ ઉપર પાણી ફરી વળતાં વાહનવ્યવહાર બંધ કરવામાં આવ્યો છે.

---

UT ADMINSTARATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department

**NOTICE INVITING TENDER**

Dismantling of Govt. Buildings/Structures in UT of DNH (8th Call).

| | |
|---|---|
| On line downloading start of tender documents | 06.07.2026 @ 18.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 15.07.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 15.07.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 15.07.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8138_1

I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/430 Dtd.06/07/2026

NO.: IP/DMN/2/5/2026-27/297 DATED : 07/07/2026

---

UT ADMINSTARATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department

**NOTICE INVITING TENDER**

Special repairs to Vanganga Restaurant at Dadra.

| | |
|---|---|
| On line downloading start of tender documents | 06.07.2026 @ 18.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 15.07.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 15.07.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 15.07.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8137_1

I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/430 Dtd.06/07/2026

NO.: IP/DMN/2/5/2026-27/296 DATED : 07/07/2026

---

UT ADMINSTARATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

Public Works Department

**NOTICE INVITING TENDER**

Special repairs to IHM & CT Hostel Campus at Karad. (8th Call)

| | |
|---|---|
| On line downloading start of tender documents | 06.07.2026 @ 18.00 Hrs |
| * Pre-bid meeting | N.A. |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 15.07.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 15.07.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 15.07.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in ee-bldg-dnh@ddd.gov.in 0260 2642350

ID.No. 2026_UTDNH_8139_1

I/c. Executive Engineer, P.W.D.,WD-I, DNH, Silvassa
No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/430 Dtd.06/07/2026

NO.: IP/DMN/2/5/2026-27/298 DATED : 07/07/2026

---

### કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,

રજી. ૪૨૫/૨૦૨૪

**અરજદાર :-** **ધનસુખભાઈ માણીયાભાઈ પટેલ**
રહે. ૧૬૧ આમરી રોડ ભુખાવારી ફળિયા નહેર પર ડુંગરી તા.પારડી

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **તલાટી કમ મંત્રીશ્રી,**
ગ્રામ પંચાયત કચેરી ડુંગરી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધનસુખભાઈ માણીયાભાઈ પટેલ**, રહે. ૧૬૧ આમરી રોડ ભુખાવારી ફળિયા નહેર પર ડુંગરી તા.પારડીનાએ તેઓના માતા **જમનાબેન મણીયાભાઈ પટેલનું** મરણ તા.૧૫/૦૩/૨૦૦૧ના રોજ મોજે - ડુંગરી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નંએમએજી/જન્મ-મરણ/રજીનં.૪૨૫-૨૦૨૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહી/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**પારડી**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૧૬/૨૦૨૬

**અરજદાર : ધનેશ્વર હરિચંદ્ર માહ્યાવંશી**
**રહે.** મસોલી આબેડકર નગર દહાણુ
તા.દહાણુ, જી.પાલઘર **(વ.શ્રી. વી.જે. સુકાની)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી દહેરી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ધનેશ્વર હરિચંદ્ર માહ્યાવંશી** રહે. મસોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **જશોદા હરિચંદ્ર માહ્યાવંશીનું** મરણ તા.૧૭-૦૧-૧૯૮૮ના રોજ મોજે - દહેરી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૬/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/મરણ/ર.જી.નં.૧૧૬/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

### જાહેર નોટીસ

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

**જન્મ-મરણ કેસ નં.૧૬૫/૨૦૨૬**

**અરજદાર : વિષ્ણુભાઈ નાનાભાઈ વારલી**
નીશાળ ફળિયા, ઓમકચ્છ, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને**
**તલાટી કમ મંત્રીશ્રી, મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **ખુશી મગનભાઈ વારલીનો** જન્મ તા.૨૫/૦૯/૨૦૨૪ના રોજ મોજે. મોટાપોંઢા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત મોટાપોંઢાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત મોટાપોંઢાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહુ અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી મોટાપોંઢા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહિ/-**
**(એન.ઝેડ. ચૌરા)**
**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા**
**તા.નાનાપોંઢા, જી.વલસાડ**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,

જ.મ.પ.અ.નં.૧૪૯/૨૦૨૬

**અરજદાર : લાલબહાદુર બુધુશા શાહ**
**ઉ.વ.આ.૪૧, ધંધો-વેપાર રહે.** મોહનનગર ઉમરગામ ઈસ્ટ, તલાસરી રોડ
**(વ.શ્રી. એસ.એલ. માછી)**

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી સોળસુંબા**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **લાલબહાદુર બુધુશા શાહ** રહે. મોહનનગર ઉમરગામ ઈસ્ટ, તલાસરી રોડ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દીકરી **પ્રિયા લાલબહાદુર શાહનો** જન્મ તા.૦૬-૧૦-૨૦૧૯ના રોજ મોજે - સોળસુંબા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૧/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમજી/જન્મ-મરણ/ર.જી.નં.૧૪૯/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

---

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણની ભીમપોર ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળની સરકારી પ્રાથમિક શાળા, મોટી વાંકડ ખાતે શાળાના હાલના મકાનમાં છત બદલવી, જી.આઈ. (G.I.) શીટ નાખવી અને રંગકામની કામગીરી.

| | |
|---|---|
| | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4859_1 |
| For details please scan | ડાઉનલોડની છેલ્લી તારીખ :18-07-2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :18-07-2026 |
| https://ddtenders.gov.in | બિડ ખોલવાની તારીખ :18-07-2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/300 DATED : 07/07/2026

---

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**

**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

નાની દમણના કડાયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સરકારી પ્રાથમિક શાળા દેવકા તાઈવાડમાં હાલની શાળાની ઇમારતનું સમારકામ અને નવા શૌચાલય બ્લોક અને રંગકામનું કામ (3rd call)

| | |
|---|---|
| | ટેન્ડર આઇડી નં.:2026_DAMAN_4861_1 |
| For details please scan | ડાઉનલોડની છેલ્લી તારીખ :18-07-2026 |
| | હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ :18-07-2026 |
| https://ddtenders.gov.in | બિડ ખોલવાની તારીખ :18-07-2026 |

કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-જીલ્લા પંચાયત, મોટી દમણ

NO.: IP/DMN/2/5/2026-27/299 DATED : 07/07/2026

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૫૮૫/૨૦૨૬

**અરજદાર : હસુમતિબેન ભીખાભાઈ પટેલ,**
**રહે.** ગુ.હા. બોર્ડ, નનકવાડા, નાગડા, ફળિયા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગડાવડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હસુમતિબેન ભીખાભાઈ પટેલ,** રહે.ગુ.હા. બોર્ડ, નનકવાડા, નાગડા ફળિયા, તા.જી.વલસાડએ તેમના માતા **લાડુબેન ભીખાભાઈ પટેલનું** મરણ તા.૦૫-૦૨-૧૯૯૦ના રોજ મોજે. ભાગડાવડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૫૮૫/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**

---

### મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય)ની કોર્ટમાં

જ.મ.પ.અ.નં.૧૫૮૬/૨૦૨૬

**અરજદાર : હસુમતિબેન ભીખાભાઈ પટેલ,**
**રહે.** ગુ.હા. બોર્ડ, નનકવાડા, નાગડા, ફળિયા,
તા.જી.વલસાડ

**વિરુધ્ધ**

**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, ભાગડાવડા, તા.જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ -૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **હસુમતિબેન ભીખાભાઈ પટેલ,** રહે.ગુ.હા. બોર્ડ, નનકવાડા, નાગડા ફળિયા, તા.જી.વલસાડએ તેમના પિતા **ભીખાભાઈ છનાભાઈ પટેલનું** મરણ તા.૨૬-૦૭-૧૯૭૧ના રોજ મોજે. ભાગડાવડા, તા.જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોય ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ વલસાડ (ગ્રામ્ય), તા.જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૨/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એડીએમ/મરણ/રજી.નં.૧૫૮૬/૨૦૨૬**
**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)ની કચેરી,**
**નીરા કેન્દ્રની બાજુમાં, ધરમપુર રોડ, તા.જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**વલસાડ (ગ્રામ્ય)**












Wednesday 08, July 2026

# દમણગંગા ટાઇમ્સ




## ઉમરગામમાં ૧૫ને બચાવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૦૭ :** દક્ષિણ ગુજરાત અને મહારાષ્ટ્રમાં ગતરોજ પડેલા અનરાધાર વરસાદના કારણે જનજીવન પ્રભાવિત બન્યું હતું. ભારે વરસાદને પગલે રેલવે વ્યવહાર ખોરવાઈ ગયો હતો તેમજ અનેક મુખ્ય માર્ગો પર પાણી ફરી વળતાં વાહનવ્યવહારને અસર પહોંચી હતી. મોડી રાત્રે સતત વરસેલા ધોધમાર વરસાદને કારણે ઉમરગામ તાલુકાના સંજાણ બંદર, પુનાટ તેમજ મહારાષ્ટ્રના અડીને આવેલા ગરીગામ વિસ્તારમાં પાણી ભરાઈ જતાં કુલ ૧૫ લોકો ફસાઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં ઉમરગામ નગરપાલિકા, નોટિફાઈડ એરિયા તથા ફાયર વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી.



રેસ્ક્યુ ઓપરેશન દરમિયાન મહારાષ્ટ્રના ગરીગામ વિસ્તારમાંથી ૬ વ્યક્તિઓ, પુનાટમાંથી ૮ વ્યક્તિઓ તથા સંજાણ બંદર વિસ્તારમાંથી ૧ વ્યક્તિને સુરક્ષિત રીતે બહાર કાઢી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. સમયસર હાથ ધરાયેલા બચાવ કાર્યથી મોટી દુર્ઘટના ટળી હતી. બીજી તરફ ટીંભી માછીવાડ વિસ્તારમાં પણ મોડી રાત્રે પાણી ફરી વળતાં રસ્તાઓ જળબંબાકાર બન્યા હતા અને સ્થાનિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

**ઉમરગામમાં સિઝનનો વરસાદ ૭૯૬ મી.મી. (૩૨ ઈંચ) પહોંચ્યો : તંત્ર એલર્ટ મોડ પર**

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત સહિત વલસાડ જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. તેને ધ્યાનમાં રાખીને સમગ્ર વહીવટી તંત્ર એલર્ટ મોડ પર છે અને જરૂરી તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખી શાળાઓમાં રજા પણ જાહેર કરવામાં આવી છે. ઉમરગામ તાલુકામાં ગતરોજ ૬૮ મી.મી. વરસાદ નોંધાયો હતો. ચાલુ ચોમાસા દરમિયાન તાલુકામાં અત્યાર સુધી કુલ ૭૯૬ મી.મી. (૩૨ ઈંચ) વરસાદ નોંધાયો છે.

# વાપી હાઉસિંગની ૯૦ ઈમારતો જર્જરિત

## ૪૧ નંબરની બિલ્ડિંગમાં પિલર દિવાલથી અલગ પડી જતાં ભયનો માહોલ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૫ :** વાપી GIDC વિસ્તારમાં આવેલા ન્યૂ હાઉસિંગ બોર્ડના મકાનોની હાલત દિવસેને દિવસે વધુ જર્જરિત બનતી જઈ રહી છે. તેમ છતાં આશરે ૯૦ જેટલી ઈમારતોમાં સેંકડો લોકો આજે પણ જીવના જોખમે વસવાટ કરવા મજબૂર બન્યા છે. વર્ષોથી રાજકીય આગેવાનો અને સંબંધિત વિભાગ દ્વારા નવા હાઉસિંગ બોર્ડના નિર્માણના વાયદા કરવામાં આવે છે, પરંતુ આજદિન સુધી કોઈ અસરકારક કામગીરી જોવા મળી નથી. ચોમાસાની ઋતુ શરૂ થતાં જ રહેવાસીઓની ચિંતા વધી છે. ખાસ કરીને શનિવારે ૪૧ નંબરની બિલ્ડિંગમાં પિલર દિવાલથી અલગ પડી જતાં ઈમારતની મજબૂતી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તેમ છતાં આ બિલ્ડિંગમાં આવેલ ફલેટમાં અનેક પરિવારો જીવના જોખમે વસવાટ કરી રહ્યા છે. આ બિલ્ડીંગને વરસાદના કારણે વધુ નુકસાન થવાની ભીતિ વચ્ચે પરિવારો સતત ભયના માહોલમાં જીવન જીવી રહ્યા છે.

ન્યૂ હાઉસિંગ બોર્ડમાં કુલ ૫૨ જૂની ઈમારતો ઉપરાંત ૪૦થી વધુ અન્ય બિલ્ડિંગો મળી લગભગ ૯૦ ઈમારતો આવેલી છે, જેમાં મોટાભાગની ઈમારતો સમયાંતરે જોખમી જાહેર થવા છતાં લોકો પાસે અન્ય કોઈ વિકલ્પ ન હોવાથી તેઓ ત્યાં જ રહેવા મજબૂર છે.

ઉલ્લેખનીય છે કે લગભગ ત્રણ ચાર વર્ષ પહેલાં એક જર્જરિત ઈમારત ધરાશાયી થતાં બે લોકોના કરુણ મોત થયા હતા અને ત્રણથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ દુર્ઘટના બાદ વહીવટીતંત્ર દ્વારા કડક પગલાં અને પુનર્વસનના વચનો આપવામાં આવ્યા હતા, પરંતુ સમય જતાં તે માત્ર કાગળ પર જ સીમિત રહ્યા હોવાનું રહેવાસીઓનું કહેવું છે.સ્થાનિકોમાં માંગ ઉઠી છે કે સરકાર અને હાઉસિંગ બોર્ડ તાત્કાલિક તમામ જર્જરિત ઈમારતોનું સ્ટ્રક્ચરલ ઓડિટ કરાવી જોખમી ઈમારતો ખાલી કરાવે, રહેવાસીઓ માટે વૈકલ્પિક










આવાસની વ્યવસ્થા કરે અને નવા હાઉસિંગ પ્રોજેક્ટનું કામ વિલંબ વિના શરૂ કરે. નહીં તો કોઈ મોટી જાનહાનિ સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત તંત્ર અને સત્તાધીશોની રહેશે.

આ અંગે વાપી જીઆઈડીસી નોટિફાઈડ બોર્ડ અને ન્યુ હાઉસિંગ બોર્ડ વિભાગના અધિકારીઓ તેમજ રાજકીય આગેવાનો પણ એકબીજાનો સંપર્ક કરી આ બિલ્ડિંગમાં રહેતા લોકોની સમસ્યાનો વહેલી તકે ઉકેલ લાવે તેવું સ્થાનિક રહેવાસીઓ કરી રહ્યા છે.

## વાપી હાઈવે લાગુ ગટર ખુલ્લી કરવા જેસીબી લગાડાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** હાઈવે સર્વિસ રોડ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી પાણી ભરાવાની ગંભીર સમસ્યાને પગલે વાપી મહાનગરપાલિકાએ આશાધમ સ્કૂલ નજીક જેસીબીની મદદથી વરસાદી પાણીની ગટર ખુલ્લી કરવાની કામગીરી હાથ ધરી છે. ભારે વરસાદ દરમિયાન પાણીનો યોગ્ય નિકાલ ન થતાં જલારામ મંદિર પરિસર, આસોપાલવ રોડ અને આસપાસના વિસ્તારોમાં પાણી ભરાઈ જતા સ્થાનિક રહેવાસીઓ તેમજ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ હાઈવે સર્વિસ રોડને પહોળો કરવાની કામગીરી દરમિયાન અગાઉ આવેલી કુદરતી વરસાદી પાણીની ગટરના સ્થળે વૃક્ષારોપણ માટે માટી ભરી દેવામાં આવી હતી. તેના કારણે વરસાદી પાણીનો કુદરતી વહેણ સંપૂર્ણપણે અટકી ગયો હતો. પરિણામે સામાન્ય વરસાદમાં પણ પાણી રોડ પર જ એકત્ર થવા લાગ્યું અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ઘૂસી જવાની સ્થિતિ સર્જાઈ હતી.

સમસ્યાની ગંભીરતા ધ્યાનમાં લઈ વાપી મહાનગરપાલિકાના અધિકારી સંજય ઝા સ્થળ પર પહોંચ્યા હતા અને જેસીબી દ્વારા બંધ થયેલી ગટર ફરી ખુલ્લી કરવાની કામગીરી શરૂ કરી હતી. ગટર વ્યવસ્થિત રીતે કાર્યરત થતાં આગામી વરસાદમાં પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે.

## બીલીમોરામાં અંબિકા નદી બંને કાંઠે




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૦૭ :** ઉપરવાસ અને સમગ્ર નવસારી જિલ્લામાં પડેલા ભારે વરસાદના પગલે બીલીમોરાની અંબિકા નદીમાં ઘોડાપૂર આવ્યા છે. નદી પોતાની સામાન્ય સપાટી વટાવીને બંને કાંઠે મન મૂકીને વહેતી જોવા મળી રહી છે. પૂરા જોશ સાથે વહી રહેલા પાણીના પ્રવાહને કારણે નદી કિનારાના અને નીચાણવાળા વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા સતર્કતા રાખવાની અપીલ કરવામાં આવી છે. બીલીમોરા બંદર પરથી લેવામાં આવેલી તસવીરોમાં નદીનું રૌદ્ર અને વ્યાપક સ્વરૂપ સ્પષ્ટપણે કેમેરામાં કેદ થયું છે.

નદીના ધસમસતા પ્રવાહ સાથે ઉપરવાસમાંથી તણાઈ આવેલો કચરો અને લાકડાં બંદરની જેટી તથા કિનારાના થાંભલાઓ આસપાસ ફસાયેલા જોવા મળી રહ્યા છે. કિનારા સુધી પાણી ફરી વળતાં સ્થાનિક માછીમારોએ પોતાની બોટોને સલામત સ્થળે લાંગરી દીધી છે. વરસાદી માહોલ અને નદીના આ તોફાની રૂપને જોવા માટે સ્થાનિક લોકો કૌતુકવશ ઉમટી રહ્યા છે, પરંતુ તંત્ર દ્વારા પૂરના જોખમને ધ્યાનમાં રાખીને પોલીસ જવાન તૈનાત કરી બંદર અને નદી કિનારાના વિસ્તારોથી લોકોને દૂર રહેવા કડક સૂચના આપવામાં આવી છે.

## વાપી હાઈવે પર યુપીએલ ઓવરબ્રિજનો સર્વિસ રોડ બેસી ગયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વાપી જીઆઈડીસી વિસ્તાર ના યુપીએલ કંપની નજીક આવેલા નેશનલ હાઈવે ઓવરબ્રિજનો સર્વિસ રોડ અચાનક બેસી જતાં વાહનચાલકો અને રાહદારીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા છે. રોડનો એક ભાગ ધસી જવાથી વાહનો પસાર કરવામાં જોખમ ઉભું થયું છે. છેલ્લા બે દિવસ દરમિયાન અનેક બાઈકચાલકો અને નાના વાહનો ખાડામાં ખાબકવાના બનાવો પણ બન્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી.



વાપી જીઆઈડીસી ચાર રસ્તા થી યુપીએલ થી બિલાડ તરફ અને વાઈબ્રન્ટ શાકભાજી માર્કેટથી જીઆઈડીસી ચાર રસ્તા સુધીનો હાઈવે સર્વિસ રોડ ને પહોળો કરી ટ્રાફિકની સમસ્યાનું નિવારણ લાવવા માટે રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ તેમજ સ્થાનિક રાજકીય આગેવાન અને ઉદ્યોગપતિઓ દ્વારા આ રસ્તો બનાવવામાં આવે તો વાહનચાલકોને તેમજ કામદારોને ખૂબ જ ઉપયોગી બનશે તે હેતુથી બનાવવામાં આવ્યો હતો.

પરંતુ સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, અગાઉ દર વર્ષે અહીં રસ્તો ખરાબ થઈ જવાના તેમજ પાણી ભરાવાના બનાવને ધ્યાને લઈ સ્થાનિક લોકોએ તાત્કાલિક રજૂઆતો કરવામાં આવી હતી જેને ધ્યાને લઈ વાપી નોટિફાઈડ બોર્ડ તેમજ મહાનગરપાલિકા દ્વારા આ સર્વિસ રોડ પહોળો કરવામાં આવે તે અંગે નું બજેટ મંજૂર કરી આ રસ્તો બનાવવાની કામગીરી એક ખાનગી એજન્સીને આપવામાં આવી હતી જેવો એ આ સર્વિસ રોડનું કામ કરનાર કોન્ટ્રાક્ટરે ગુણવત્તા જાળવવામાં બેદરકારી દાખવી હતી. રોડના કામ માં જરૂરી રબર સ્ટોન અને મજબૂત સામગ્રીના બદલે માટીનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની ચર્ચા ચાલી રહી છે.

વાહનવ્યવહાર સતત રહેતા આ માર્ગ પર અકસ્માતનો ભય વધ્યો છે. સ્થાનિકોએ તાત્કાલિક સ્થળનું ટેકનિકલ નિરીક્ષણ કરી જવાબદારો સામે કાર્યવાહી કરવાની તેમજ સર્વિસ રોડનું ગુણવત્તાયુક્ત પુનઃનિર્માણ કરવાની માંગ કરી છે. સંબંધિત વિભાગ દ્વારા વહેલી તકે સમારકામ હાથ ધરવામાં આવે તેવી પણ લોકોની માંગ ઉઠી છે.

## વલસાડ નશાબંધી ખાતાનો જુનિયર ક્લાર્ક લાંચ લેતા ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૭ :** દારૂની પરમિટના નામે લાંચ લેતો વલસાડ નશાબંધી અને આવકારી કચેરીમાં ફરજ બજાવતો જુનિયર ક્લાર્ક ૧૦ હજાર રૂપિયાની લાંચ લેતા વલસાડ ડાંગ એસીબી ટીમના રંગે હાથે ઝડપાઈ જતા નશાબંધી અને આબકારી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ એસીબીની ટીમે ડીકોય ટ્રેપ ગોઠવીને આ લાંચિયા કર્મચારી અનિલભાઈ રણછોડભાઈ કાનાણી (ઉં. ૩૪ વર્ષ) હોદ્દો જુનિયર ક્લાર્ક, વર્ગ-૩, નશાબંધી અને આબકારી અધિક્ષકની કચેરી, વલસાડ ને રૂ. ૧૦,૦૦૦ ની રોકડી રકમ સ્વીકારતા રંગેહાથ દબોચી લીધો છે. વલસાડની નશાબંધી અને આબકારી અધીક્ષકની કચેરી ના અધિકારીઓ અને કર્મચારીઓ



લીકર પરમિટ મંજૂર કરવાના અવેજ પેટે અરજદારો પાસેથી રૂ. ૫,૦૦૦ થી લઈને રૂ. ૧૦,૦૦૦ સુધીની લાંચની સરેઆમ માંગણી કરે છે. જે ફરિયાદ આધારે વલસાડ ડાંગ એસીબી દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. એક જાગૃત નાગરિકે લીકર પરમિટ માટે અરજી કરી હતી. કચેરીમાં બેઠેલા લાલચુ જુનિયર ક્લાર્ક અનિલ કાનાણીએ પરમિટ કાઢી આપવાના બદલામાં નાગરિક સાથે હેતુલક્ષી વાતચીત કરી અને રૂ. ૧૦,૦૦૦ ની લાંચ માંગી હતી. આજરોજ વલસાડના આશિષ બિલ્ડિંગમાં ત્રીજા માળે આવેલી નશાબંધી અને આબકારી અધીક્ષકની કચેરીની ગેલેરીમાં જ આરોપી અનિલ કાનાણીએ ૧૦ હજારની લાંચની રકમ સ્વીકારતા એસીબીની ટીમે આરોપી અનિલ કાનાણીને ઝડપી પાડી તેની પાસેથી લાંચની પૂરેપૂરી રૂ. ૧૦,૦૦૦ ની રકમ રિકવર કરી લેવામાં આવી છે.આ સમગ્ર સફળ ઓપરેશન વલસાડ અને ડાંગ એસીબી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે. આર. ગામીત તથા તેમની બાહોશ ટીમ દ્વારા પાર પાડવામાં આવ્યું છે.

આ સમગ્ર ટ્રેપનું સુપરવિઝન સુરત એકમના મદદનીશ નિયામક આર. આર. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો વડોદરાના નાયબ નિયામક બળદેવ દેસાઈના સીધા માર્ગદર્શન હેઠળ કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## વાપી કંચન નગરમાં જુગાર રમતા છ ઈસમો ઝડપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વલસાડ જિલ્લા પોલીસના જુગાર અને અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામેના અભિયાન હેઠળ એલસીબીની ટીમે વાપીના કંચનનગર વિસ્તારમાં દરોડો પાડી એક ઘરમાં જુગાર રમતા છ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. ગુપ્ત બાતમીના આધારે સાઈ ફેશન સામે આવેલા મકાનમાં દરોડો પાડતાં આરોપીઓ જુગાર રમતા મળી આવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી રોકડ રકમ, દાવ ઉપરના રૂપિયા, ત્રણ મોબાઈલ ફોન તેમજ જુગાર રમવામાં ઉપયોગમાં લેવાતા પત્તા સહિત કુલ અંદાજે ૩,૬૭,૯૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ઝડપાયેલા આરોપીઓમાં મુર્તુજા નાસીર ઈસમાઈલ ખાન, અંકિતસિંહ ઉર્ફે અંશુ રાજપૂત, શાહનવાજ મોહમ્મદ રફીક ઓડિયા, અબ્દુલ્લા ઉર્ફે સરફુ અખ્તર ખાન, મકસુદ ફારુક વલીમોહમ્મદ મેમણ અને મુકેશ ઉર્ફે વિજય સુભાષ ગુપ્તાનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ વિરુદ્ધ વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુજરાત જુગારધારા કલમ ૪ અને ૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.સમગ્ર કાર્યવાહી એલસીબીના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ હાથ ધરવામાં આવી હતી.

## વાપી ટાઉનમાં ઘરફોડ ચોરીનો ૮ વર્ષથી વોન્ટેડ આરોપી રાજસ્થાનથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૦૭ :** વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુનામાં છેલ્લા આઠ વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચએ સફળ કામગીરી કરીને ઝડપી પાડ્યો છે. આરોપીની ધરપકડ માટે વલસાડ એલસીબીની ટીમે રાજસ્થાનમાં વોચ ગોઠવી ગુપ્ત બાતમીના આધારે કાર્યવાહી હાથ ધરી હતી.

પકડાયેલ આરોપીની ઓળખ દીપક વિનોદ કંસારા (ઉં. ૪૮), હાલ અગરપુરા, વિનાયકનગર, જિલ્લા બાંસવાડા (રાજસ્થાન) તથા મૂળ રહેવાસી તલવાડી મહલ્લા, બાંસવાડા તરીકે થઈ છે. તેની સામે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૯માં નોંધાયેલા ઘરફોડ ચોરીનામા ગુનો નોંધાયેલો હતો. પોલીસ તપાસમાં આરોપી સામે પારડી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૮ના બે ઘરફોડ ચોરીના ગુનાઓ પણ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. આરોપીને વધુ પૂછપરછ અને કાયદેસરની કાર્યવાહી માટે વાપી ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે. આ સમગ્ર કામગીરી એલસીબી વલસાડના પીઆઈ એ.યુ. રાઠોડના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ જે.પી. પટેલ, સ્ટાફના અધિકારીઓ તથા એએસઆઈ હરદીપસિંહ હેતમની ટીમે સફળતાપૂર્વક પાર પાડી હતી.

## વલસાડમાં કરંટ લાગતાં એકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૦૭ :** છેલ્લા પાંચ દિવસથી વલસાડ જિલ્લામાં પડી રહેલા મુશળધાર વરસાદના પગલે હાઈવે રોડ, ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પાણી ભરાવાના કારણે અવર-જવર બંધ કરવામાં આવી હતી. વલસાડ તાલુકામાં ભારે વરસાદના પગલે વલસાડના કાંજણ રણછોડ ગામે આવેલ કમલેશભાઈ ભીખાભાઈ પટેલ નું કાચું મકાન તૂટી પડ્યું હતું. જ્યારે સોનવાડા ગામે આવેલ એક પાકું મકાન ને નુકસાન થયું હતું. જ્યારે સામરપાડા ગામે રહેતા કમલેશભાઈ દેવુભાઈ પટેલ ને ઘરમાં વીજ કરંટ લાગતા તેનું મોત થયું હતું. આ ઉપરાંત વલસાડના ઓલગામ ગામે એક વાઘલધરા ગામે એક પારડી પારનેરા ગામે એક અને સોનવાડા ગામે બે મકાનોને ઓછું વધતું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે પારડી તાલુકાના બાલદા ગામે કાચા મકાનને નુકસાન અને જ્યારે રોણા ગામમાં એક મકાનને ઓછું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

## નામધા માર્ગ પર કચરો એકત્ર કરવા જતો ટેમ્પો વીજ પોલ સાથે અથડાયો

**વાપી, તા.૭ :** વાપી મહાનગરપાલિકાના નામધા મુખ્ય માર્ગ પર મંગળવારે વહેલી સવારમાં ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવા જતો ટેમ્પો અચાનક વીજ પોલ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ કે ઈજા થઈ નહોતી, પરંતુ મોટી દુર્ઘટના બનતા ટળી હતી.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતી ખાનગી એજન્સીના ટેમ્પો ચાલકો દ્વારા મુખ્ય માર્ગો પર બેફામ અને બેદરકારીપૂર્વક વાહનો હંકારી વારંવાર અકસ્માત જેવી સ્થિતિ ઊભી કરવામાં આવે છે. આ ઘટનાએ ફરી એકવાર એજન્સીની કામગીરી સામે પ્રશ્નો ઊભા કર્યા છે.વાપી મહાનગરપાલિકાના તમામ ૧૩ વોર્ડમાં ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરવાની કામગીરી માટે ખાનગી એજન્સીને વાર્ષિક અંદાજે ૧૩ કરોડના ખર્ચે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. એજન્સીના ૧૦૦થી વધુ ટેમ્પો, ડ્રાઈવર અને સફાઈ કર્મચારીઓ નામધાગામે એક ખાનગી જગ્યાએ ભાડે રહે છે અને ત્યાંથી દરરોજ સવાર-સાંજ વાહનોની અવરજવર કરે છે. સ્થાનિકોએ માંગ કરી છે કે, મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ અને સંબંધિત ખાનગી એજન્સીના સંચાલકો અકસ્માત સર્જનાર ટેમ્પો ચાલક સામે યોગ્ય કાર્યવાહી કરે તેમજ તમામ વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું કડક પાલન કરાવવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી ગંભીર ઘટનાઓ ટાળી શકાય. સાથે આ દરેક ટેમ્પોના પાસિંગ નંબર પણ નથી તેમ જ વાહન ચાલક પાસે ડ્રાઈવિંગ લાઈસન્સ છે કે કેમ તેવા પ્રશ્નો પણ થઈ રહ્યા છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**